જાન્યુઆરી ૨૦૧૬

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



અમને જ્ઞાનીઓને તો
બધું 'ઓપન' (ખુલ્લું) દેખાય,
એમાં શું શું હશે, તે મતિ(બુદ્ધિ)
તરત જ ચોગરદમ બધે ફરી વળે.

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૧, અંક : ૫
સળંગ અંક : ૨૪૫
જાન્યુઆરી ૨૦૧૬

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
કુલ ૨૮ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
૧૫ વર્ષ
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## વિષયના પૃથક્કરણમાં 'થ્રી વિઝન' સહાયક

### સંપાદકીય

મોક્ષ અને બ્રહ્મચર્યને શું લાગે-વળગે ? ઘણું બધું લાગે-વળગે. બ્રહ્મચર્ય વગર આત્માનો અનુભવ જ ખબર ના પડે. આ સુખ આવે છે તે આત્માનું છે કે પુદ્‌ગલનું છે એ ખબર જ ના પડે ને ! જેને આત્માનું સ્પષ્ટવેદન આ દેહે જ અનુભવવું હોય, તેને વિશુદ્ધ બ્રહ્મચર્ય વિના આની પ્રાપ્તિ શક્ય જ નથી. જ્યાં સુધી 'વિષયમાં સુખ છે' એવી સૂક્ષ્માતિસૂક્ષ્મ રોંગ બિલીફ છે, ત્યાં સુધી વિષયના પરમાણુ સંપૂર્ણપણે નિર્જરી જતા નથી. એ 'રોંગ બિલીફ' સંપૂર્ણ-સર્વાંગપણે ઊડે ત્યાં સુધી જાગૃતિ અતિ અતિ સૂક્ષ્મપણે રાખવી ઘટે.

લોકસંજ્ઞામાં વર્તતા જગતને પ્રિય એવા આ અબ્રહ્મચર્યના વિષય, એમાં જ અનંત અવતાર ખૂંપી, એની ગારવતામાં મોજ માણી. પરિણામે નિજ આત્મઐશ્વર્ય, આત્મવૈભવ અને આત્મસિદ્ધિ ખોઈ. માત્ર અનંત અવતારનું સરવૈયું 'જેમ છે તેમ' દેખાય જાય તો સહેજે વિષય પ્રત્યે વૈરાગ્ય વર્તે. પછી વિષય પ્રત્યે વૈરાગ્ય લાવવાના શાસ્ત્રોનું પઠન કે વિષય જીતવાની વ્યર્થ કસરતો કરવાની રહેતી નથી.

પરમ પૂજ્ય ભગવાન (દાદાશ્રી)ની આ સંસારને જોવાની આરપાર દૃષ્ટિ જેમાં તેઓ વિકરાળ સંસારના ધોરી મૂળિયાને પકડે છે, જે છે વિષય અને ખૂબ જ સરળ ભાષામાં વિષયના બાહ્ય સ્વરૂપને જેમ છે તેમ વર્ણવે છે. જેમ કે વિષય એ આખી દુનિયાનો એંઠવાડો છે, ગંદવાડો છે, કાદવ, કીચડ, વિષ્ટા, સંડાસ, અશુચિનું સંગ્રહસ્થાન વગેરે ખૂબ જ તાર્કિક રીતે કોઈ પણ બુદ્ધિશાળીને ગળે ઉતરી જાય એવી રીતે સમજણ આપે છે.

આ દેહ એ રેશમી ચાદરથી વીંટેલું હાડમાંસ જ છે. બુદ્ધિ બહારનું રૂપાળું દેખાડે છે, જ્યારે જ્ઞાન આરપાર જેમ છે તેમ દેખાડે. આ આરપાર દૃષ્ટિ કેળવવા માટે દાદાશ્રીએ થ્રી વિઝનનું અદ્‌ભુત હથિયાર આપ્યું છે. આ અવતારમાં અક્રમ જ્ઞાનથી વિષય બીજથી તદ્દન નિગ્રંથ થઈ શકાય ? મહીં રુચિનું બીજ પડેલું હોય, તે ધીમે ધીમે પકડાય ને તેનાથી છૂટાય. જેને એકાવતારી થવું હોય એને વિષયથી મુક્ત થવું જ પડે.

અણસમજણથી અબ્રહ્મચર્ય ટક્યું છે. જ્ઞાનીની સમજણે સમજી લેવાથી એ અટકે છે. જ્ઞાની પુરુષ સંપૂર્ણ નિર્વિષયી બનેલા હોય, તેથી તેમનામાં જબરજસ્ત વચનબળ પ્રગટ થયું હોય. જે વિષયનું વિરેચન કરાવનાર બની રહે છે.

વિષયના આંતરિક પરિણામોમાં અંતે વિષય-કષાયની ઘટમાળમાં ફસાઈને સતત બળતરા, પરવશતા, ઉપાધિ, નિરાશ્રિતપણું, લાચારી, બેભાનપણું સતત અનુભવાય છે. બ્રહ્મચર્યની સેફસાઈડ માટે આંતરિક તેમજ બાહ્ય એવિડન્સને સિફતથી ઉડાવવાની ક્ષમતા પ્રગટવી જરૂરી છે. આંતરિક વિકારી ભાવોને સમજણે કરીને, જ્ઞાને કરીને પુરુષાર્થથી ઓગાળે તો વિષયથી મુક્ત થવાય.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રી કહે છે કે મહાત્માઓએ બન્ને દૃષ્ટિ એટ-એ-ટાઈમ રાખવાની છે, રિયલમાં શુદ્ધાત્મા જોવાના ને રિલેટિવમાં થ્રી વિઝન જોવાનું છે. થ્રી વિઝનની જાગૃતિ અને અંતે વિજ્ઞાન જાગૃતિ એ બેઉની દૃષ્ટિ કેળવી મહાત્માઓ સમજણ સાથે આંતરિક વિષયને ઉડાડે અને બ્રહ્મચર્યની શ્રેણીઓ ચડે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# વિષયના પૃથક્કરણમાં 'થ્રી વિઝન' સહાયક

## બેભાનપણાથી વિષયની મીઠાશ

**પ્રશ્નકર્તા :** વિષયમાં સૌથી વધારે મીઠાશ માનેલી છે, તે કયા આધારે માનેલી છે ?

**દાદાશ્રી :** એ જે મીઠાશ એને લાગી ગઈ અને બીજી જગ્યાએ મીઠાશ જોઈ નથી, એટલે એને વિષયમાં મીઠાશ બહુ લાગે છે. જોવા જાય તો વધારેમાં વધારે ગંદવાડો ત્યાં જ છે, પણ મીઠાશને લીધે એને બેભાનપણું થઈ જાય છે. એટલે એને ખબર નથી પડતી. જો આ વિષય એ ગંદવાડો સમજાય, તો એની મીઠાશ બધી ઊડી જાય.

## વિષય એ નર્યો ગંદવાડો

**પ્રશ્નકર્તા :** વિષય એ ગંદવાડો છે એ કેવી રીતે સમજવું ?

**દાદાશ્રી :** વિષય એટલે નર્યો ગંદવાડો, ગંદવાડો ને ગંદવાડો ! આ તો ઢાંક્યો ગંદવાડો ! આ ચાદર ખસેડી નાખે ને, આ પોટલું છોડે ને, ચાદર છોડી નાખે ને, તો ખબર પડે. બધું ભોપાળો ! એ સમજણ યાદ નહીં રહેવાથી, એનું ભાન નહીં રહેવાથી જ આ વેષ છે ને !

આ વિષયમાં ક્યાંય સુખ ના દેખાયું. જેના મોઢાં ગંધાય, જે શરીરમાંથી રાત-દહાડો નર્યો ગંદવાડો જ નીકળતો હોય, તેની ઉપર વિષય કેમ ઉત્પન્ન થાય ?

જગતના લોકોએ વિષયમાં સુખ કલ્પ્યું. વિષય એટલે નર્યો ગંદવાડો, એમાં સુખ તે હોતું હશે ?

## વિષય એ કલ્પિત સુખ

**પ્રશ્નકર્તા :** એમાં જે સુખ રહેલું છે એવું બીજે ક્યાંય સુખ છે જ નહીં.

**દાદાશ્રી :** એમાં સુખ હોતું હશે ? બધું કલ્પિત સુખ છે એ તો. આપણે સુખ કલ્પીએ તો સુખ લાગે. એક જણ કહે છે, મને જલેબી બહુ ભાવે છે અને એક જણ કહે, મને જલેબી દેખું છું ને ચીતરી ચઢે છે. એટલે એ કલ્પેલા સુખ બધા.

## ના કબૂલે એકેય ઈન્દ્રિય

હવે આ જલેબીનો વાંધો નથી. જલેબી વિષય છે પણ એનો વાંધો નથી. એ આંખને દેખવી ગમે. એને ભાંગીએ તો સંભળાય, એટલે કાનને ગમે. નાકને સુગંધી ગમે. જીભનેય એનો સ્વાદ ગમે. હાથેય અડાડીએ તો આમ સરસ લાગે, તેય ગમે. માટે આપણે શું કહીએ છીએ કે જલેબી ખાવ. કારણ કે આ ઈન્દ્રિયો કબૂલ કરતી હોય તો ખાવ. પણ આ વિષયમાં તો ઈન્દ્રિયો સોડે ને, તો ત્રણ દહાડા સુધી ખાવાનું ના ભાવે.

આંખને ગમતું નથી, કાનને પણ ગમે નહીં. નાકને તો ગંધાય. જો એ જગ્યાને અડેલો હાથ સોડવામાં આવી જાય ને, તો એ મરેલા માછલાં હોયને એવું ગંધાય. અને ચાખવાનું કહ્યું હોય તો ? એકુંય ઈન્દ્રિયને ગમે નહીં અને સ્પર્શને ગમે છે તે રાત્રે જ. દહાડે કરવાનું કહીએ ને ત્યાં આગળ, તો ના ગમે.

પાંચેય ઈન્દ્રિયોને ગમે નહીં એવું અંધારામાં જઈને કરવાનું. છોકરા દેખે તોય શરમાય. કોઈ માણસ વિષય-વિકાર કરતો હોય, તો તે ઘડીએ એનો ફોટો પાડીએ તો કેવો દેખાય ?

**પ્રશ્નકર્તા :** ગધેડા જેવો !

**દાદાશ્રી :** એમ ? શું વાત કરે છે ? એ તો આ મનુષ્યને શોભે ?

**પ્રશ્નકર્તા :** દાદા, ખરું કહું ને તો હજી વિષયમાં મને પોતાને કો'ક વખત સ્વાદ આવી જાય છે.

**દાદાશ્રી :** એ સ્વાદ તને છોડતો નથી ? પણ આમાં સ્વાદ જેવું છે જ ક્યાં ? નર્યો ગંદવાડો ! આ

ગંદવાડાને ચૂસવા જઈએ તોય એમાં એટલી બધી ગંધ છે ! પાર વગરની ગંધ છે !

### દરાજ ખંજવાળે એવું સુખ

**પ્રશ્નકર્તા :** પણ આ ઈન્દ્રિયને એમાં સ્વાદ આવી જાય છે ને ?

**દાદાશ્રી :** સ્વાદ કશો નથી આવતો. એ સ્વાદ તો દરાજ થઈ હોય ને વલૂરે, તે એવો સ્વાદ આવે છે ! એ વલૂરે ત્યારે આપણે કહીએ, 'હવે બંધ રાખતો ?' તો પણ એનો એવો સ્વાદ આવે છે, તે છોડતો નથી. પછી લ્હાય બળે છે ત્યારે પાછું ખરાબ લાગે ! લ્હાય તો બળે જ ને ! કૃપાળુદેવે આ સુખની સરખામણી દરાજ વલૂરે એના જેવું સુખ કહ્યું.

### વિષય આખી દુનિયાનો એંઠવાડો

આ શરીરની રાખોડી થાય છે અને એ રાખોડીના પરમાણુથી ફરી શરીર બંધાય છે. તે અનંત અવતારની રાખોડીના આ પરિણામ છે. નર્યો એંઠવાડો છે ! આ તો એંઠવાડાનો એંઠવાડો ને તેનોય એંઠવાડો ! એની એ જ રાખોડી, એના એ જ પરમાણુ બધા, એનું ફરી ફરી બંધાયા કરે છે ! વાસણને બીજે દહાડે અજવાળીએ એટલે એ દેખાય ચોખ્ખાં પણ અજવાળ્યા વગર એમાં જ રોજ રોજ ખા ખા કરે તો ગંદવાડો નથી ? બાકી વિષયભોગ એ તો નર્યો એંઠવાડો જ છે. આખી દુનિયાનો એંઠવાડો છે.

### વિષયરૂપ કીચડની અજ્ઞાનતા

કોઈ કહે કે જાનવરોને આ વિષયો પ્રિય છે ? તો હું કહું કે ના, જાનવરોને આ વિષયો બિલકુલ પસંદ નથી. પણ છતાંય એમને 'નેચરલ' ઉશ્કેરાટ થાય છે. બાકી આ વિષયને કોઈ પસંદ જ ના કરે, સાચો પુરુષ હોય તો પસંદ જ ના કરે. તો આ મનુષ્યો શાથી વિષયોમાં પડે છે કે આખો દહાડો દોડધામ, દોડધામ કરે. થાકેલો હોય એટલે એને ભાન નથી રહેતું કે આ કીચડ છે, એટલે એ માર પડતું નાખે છે મહીં ! બાકી બિલકુલ 'સેન્સ' (ભાન) ખલાસ થઈ જાય ત્યારે આ કીચડ યાદ આવે, નહીં તો 'સેન્સીબલ' (સમજુ) માણસને તો આ કીચડ ગમે જ નહીં ને !

આ જાનવરો પણ જેનાથી કંટાળી ગયા છે, તે વિષયમાં આ મનુષ્યોને મઝા આવે છે, આ કઈ અજાયબી છે તે ? કેમ આ કીચડમાં ઝંપલાવે છે એનો વિચાર જ નથી આવતો, એવા 'બ્લંટ' થઈ ગયા છે !

**પ્રશ્નકર્તા :** એટલે કીચડ માટેની અજ્ઞાનતા જ છે ને ?

**દાદાશ્રી :** હા, એની અજ્ઞાનતા છે. એટલે જ કીચડમાં પડ્યો છે. પાછું આને જો સમજવા પ્રયત્ન કરે તો સમજાય એવું છે, પણ પોતે સમજવા પ્રયત્ન જ નથી કરતો ને ! આ પાંચ ઈન્દ્રિયના કીચડમાં મનુષ્ય થઈને કેમ પડ્યા છે એ જ અજાયબી છે !

### આ ગટર ઉઘાડવા જેવી નથી

આ (મુંબઈમાં) વાંદરા સ્ટેશનની ખાડી આવે છે, તેની ગંધ ગમે ? એથી પણ બૂરી ગંધ આ ખોખામાં છે. આંખને ના ગમે એવા ચિત્ર-વિચિત્ર પાર્ટસ્ (અંગો) મહીં છે. આ કોથળા(શરીર)માં તો પાર વગરનો વિચિત્ર ગંદવાડો છે ! આ આપણી મહીં હૃદય છે, તે જ લોચો કાઢીને આપણા હાથમાં મૂકે તો ? અને કહે કે જોડે હાથમાં રાખીને સૂઈ જા, તો ? ઊંઘ જ ના આવે ને ? આ તો દરિયાના વિચિત્ર જીવડા જેવું દેખાય. જે નથી ગમતું એ બધું જ આ દેહમાં છે. આ આંખો આમ બહુ રૂપાળી દેખાતી હોય, પણ મોતિયો આવ્યો ને એ ધોળી આંખો દેખી હોય તો ? ના ગમે. ઓહોહો ! વધારેમાં વધારે દુઃખ આમાં છે. આ દારૂ જે કેફ કરે છે, એ દારૂની ગંધ માણસને ગમતી નથી અને આ વિષય તો સર્વ ગંધનું કારણ છે. બધી જ ના ગમતી વસ્તુઓ ત્યાં છે. હવે શું હશે આ અજાયબી ? આમાંથી છૂટ્યા એટલે પછી રાજા. વિષયને ઊંડો વિચારવાથી એ જ લાગે કે આ ગટર તો ઉઘાડવા જેવી જ નથી. કેટલું બધું બંધન ! આ જગત તેથી જ ઊભું રહ્યું છે ને !

## ખોખું એ તો દુર્ગંધનો કોથળો

વિચારવાન માણસ વિષયમાં સુખ શી રીતે માની બેઠો છે, તેની જ મને નવાઈ લાગે છે ! અમને તો ખૂબ ખૂબ વિચાર આવે ને થાય કે અરેરે ! અનંત અવતાર આનું આ જ કર્યું ! જેટલું આપણને નથી ગમતું, તે બધું જ વિષયમાં છે. એમાં નરી ગંધ છે. આંખને જોવું ના ગમે, નાકને સૂંઘવું ના ગમે. તેં સૂંઘી જોયું'તું ? સૂંઘી જોવું હતું ને ? તો વૈરાગ તો આવે. કાનને રુચે નહીં, ફક્ત ચામડીને રુચે. લોક તો ખોખાને જુએ, માલને ના જુએ. ખોખામાં તો જે ચીજ નથી ગમતી, તે જ ચીજો ભરેલી છે. નર્યો દુર્ગંધનો કોથળો છે ! પણ મોહને લીધે ભાન નથી રહેતું ને તેથી તો જગત આખું ચક્કરે ચઢ્યું છે.

મનુષ્યનો સ્વભાવ હરૈયો છે. હરૈયો એટલે જ્યાં દેખે ત્યાં ચોંટે, જ્યાં દેખે ત્યાં ચોંટે. બીજી બધી વસ્તુમાં રૂપ જોવાનું છે, (પણ) આમાં રૂપ છે જ ક્યાં, તે જોવાનું ? આ તો ઉપરથી જ રૂપાળાં દેખાય છે. પેલી કેરી તો અંદર કાચી હોય તોય સ્વાદ લાગે ને દુર્ગંધેય ના આવે અને આને કાપો તો ? દુર્ગંધનો પાર ના હોય.

આ ખોખાને આપણે શું કરવાનું ? ખોખું તો કાલે સડી જાય, પડી જાય, કોહવાઈ જાય. ખોખું તો શાનું બનેલું છે એ આપણે નથી જાણતા ? છતાં લોકો ભૂલી જાય છે ને ? ભૂલી જતાં હશે લોકો ? પણ આ ખોખું તમનેય ભૂલથાપ ખવડાવી દે. અમારે જ્ઞાની પુરુષને આમ આરપાર દેખાય. કપડાં બધું હોય છતાં કપડાંની મહીં, ચામડીની મહીં જેમ છે તેમ યથાવત દેખાય. પછી રાગ ક્યાં થાય ? પોતે એક આત્મા જ જુએ ને બીજો બધો તો આ કચરો છે, સડેલો માલ છે. એમાં શું જોવા જેવું છે ? ત્યાં જ રાગ થાય છે એ જ અજાયબી છે ને ! પોતે નથી જાણતો ? જાણે છે બધું જ, પણ એને આવી સમજ આપી નથી. જ્ઞાનીઓએ માલ પહેલેથી જ જોયેલો છે. અમને નિરંતર જાગૃતિ હોય, એવરી સેકન્ડ (દરેક ક્ષણે) જાગૃતિ હોય, એટલે અમે બધું જાણીએ કે નર્યું માંસ જ છે આ બધું. આમાં નવું શું છે તે ? પાછો વહુની જોડે સૂઈ જાય છે ! અલ્યા, આ માંસને જ દાબીને સૂઈ જાય છે ! પણ એ તો ભાન નથી ને ! એનું નામ જ મોહ ને !

## મૂળ તો પોતે વિષયી છે તેનો જ મોહ

બ્રહ્મચર્ય આ જાગૃતિના આધારે છે ને ? જાગૃતિ 'ડિમ' (ઓછી) થવાથી જ આ મોહ ઉત્પન્ન થાય છે ને ! નહીં તો આમાં હાડ, પરું ને માંસ નથી ભરેલું ?

**પ્રશ્નકર્તા :** એટલે આ વિષયની બાબતમાં આમ દૃષ્ટિ પડે, તે પહેલા કપડાં પર પડે છે, એટલે ત્યાંથી મોહ ઉત્પન્ન થાય છે ને ?

**દાદાશ્રી :** મૂળ તો પોતે વિષયી છે, તેથી કપડાં વધારે મોહ કરે છે. પોતે વિષયી ના હોય તો કપડું કશું મોહ ના કરે. આ અહીં સારા સારા કપડાં પાથરીએ તો મોહ ઊભો થાય ? એટલે પોતાને વિષયની મઝા છે, એની ઈચ્છા છે, તેથી પેલો મોહ ઉત્પન્ન થાય છે. વિષયની ઈચ્છા વગરના માણસોને શી રીતે મોહ ઉત્પન્ન થાય ? આ મોહ કોણ ઊભો કરે છે ? પાછલા પરિણામ મોહ ઊભા કરે છે. તે એને આપણે ધોઈ નાખીએ. બાકી કપડાં બિચારાં શું કરે ? પહેલાંનું બીજ નાખેલું છે, તેનું આ પરિણામ આવ્યું.

## ભ્રાંતિથી તું જ તને છેતરે છે

આને તો સુખ કહેવાય જ નહીં. આ તો દારૂડિયો માણસ એમ કહે કે હું આખા હિન્દુસ્તાનનો રાજા છું, તો આપણે ના સમજીએ કે આ તો દારૂના અમલથી બોલે છે ? એવું આ ભ્રાંતિને લઈને એને આમાં સુખ લાગે છે. વિષયમાં તો સુખ હોતું હશે ? સુખ તો મહીં (આત્મામાં) છે, પણ આ તો બહાર બીજાનામાં આરોપ કરે છે તેથી ત્યાં સુખ લાગે છે. ભ્રાંતિરસથી આ બધું ઊભું થયું છે. ભ્રાંતિરસ એટલે શું કે આ કૂતરું જેમ હાડકાંને ચૂસે છે, તે તમે જોયેલું ? હાડકાં ઉપર થોડુંઘણું માંસ હોય તે તો જાણે

કે મળી જાય, પણ હવે પછી શું કરવા ચૂસ ચૂસ કરે છે ? પછી ખૂબ દબાવેને, તે હાડકું તો આમ લોખંડ જેવું હોય. તે શું થાય કે એના પીઢિયાં દબાય ને એમાંથી પછી લોહી નીકળે. લોહીને એ જાણે કે આ હાડકાંમાંથી નીકળ્યું. એટલે પાછું ખૂબ ચાવી ચાવીને હાડકું ખાય. અલ્યા, તારું જ લોહી તું ચૂસે છે ! એવી રીતે આ સંસાર ચાલી રહ્યો છે. એવું આ લોકો હાડકાં જ ચૂસી રહ્યા છે ને પોતાનું જ લોહી બધું ચાખી રહ્યા છે !

અબ્રહ્મચર્ય એ મનુષ્યમાં રહેલી પાશવતા છે. હરેક જગ્યાએ અબ્રહ્મચર્યને પાશવતા ગણી છે. એટલે વિષય એ અંધારામાં સેવન કરવાની વસ્તુ છે. લખ્યું છે ને, કે 'છૂપાં રાખવા પડે છે જે કોઈ કામ.' એટલે આ વિષય કેવી વસ્તુ છે, કે છૂપું રાખવું પડે. કોઈને કહેવાય પણ નહીં.

### વિષય-વિકાર એટલે શું ?

**પ્રશ્નકર્તા :** આ વિષય સમજાય છે પણ વિષય-વિકાર એટલે શું ?

**દાદાશ્રી :** હવે વિષય-વિકાર એટલે શું છે કે જે વિષયથી છોકરાં ઉત્પન્ન ના થાય. એ વિષય સંડાસ કહેવાય છે.

ભગવાન કહે છે કે કન્ટ્રોલમાં નથી તે વિષયો છે. 'હું વિષય ભોગવું છું' તેવો અહંકાર કરે છે. જો તું વિષય ભોગવતો હોત તો તને સંતોષ થવો જોઈએ પણ તેવું નથી. 'વિષય' એ વિષયને ભોગવતો નથી, એ તો પરમાણુનો હિસાબ છે. દરેક ઈન્દ્રિય પોતાના વિષયમાં નિપુણ છે પણ બીજા વિષયમાં નિપુણ નથી. નાકને જલેબી ચખાડીએ તો ગળી લાગે ? પરમાણુઓનો હિસાબ હોય ને તે ચૂકતે થાય તે વિષય નથી. પરંતુ તેમાં તન્મયતા તે જ વિષય છે. તેમાં ઈન્દ્રિયોનો પણ કંઈ જ રોલ નથી. તે તો માત્ર કન્વે (અભિવ્યક્ત) કરે છે. તેથી જ અમે કહીએ છીએ કે ઈન્દ્રિયોના વિષય જીતે તે જિતેન્દ્રિય જીન નથી પણ જેની દૃષ્ટિ દ્રષ્ટામાં પડી ગઈ, જેનું જ્ઞાન જ્ઞાતામાં આવી ગયું તે જિતેન્દ્રિય જીન છે ! ભગવાન મહાવીર પણ આમ જ કહેતા હતા. જે જેમાં રચ્યો-પચ્યો રહે, તે વિષય. બીજું કશું જ દેખાય નહીં, મોહાંધ કહેવાય ! જ્યાં લપસ્યો તે વિષય.

### વિષય એ સંડાસ છે

પૈણ્યા એટલે જાણવું કે એક જાજરું આવી ગયું આપણી પાસે ! વિષય એ સંડાસ છે. નાકમાંથી, કાનમાંથી, મોઢામાંથી બધેથી જે જે નીકળે છે, એ બધું સંડાસ જ છે. ડિસ્ચાર્જ એય સંડાસ જ છે. જે પારિણામિક ભાગ છે તે સંડાસ છે પણ તન્મયાકાર થયા વગર ગલન થતું નથી. સંડાસ થાય છે તે પણ મહીં કૉઝીઝ થાય છે, તેનું પરિણામ છે. દૂધપાક-પૂરી કોને ના ગમે ? પણ ભગવાન કહે છે કે કાલે સવારે એ સંડાસ થશે. વિષયને સંડાસ શાથી કહ્યો ? એટલા માટે જ કે એ ગલન થાય છે.

### રોંગ બિલીફથી સપડાયો વિષયમાં

**પ્રશ્નકર્તા :** અંગ-ઉપાંગ તરફ આકર્ષણ થવાનું કારણ શું હોય ?

**દાદાશ્રી :** માન્યતા આપણી, રોંગ બિલીફો તેથી. ગાયના અંગ તરફ કેમ આકર્ષણ નથી થતું ? માન્યતાઓ ખાલી, કશું હોતું નથી. ખાલી બિલીફો છે. એ બિલીફો તોડી નાખો એટલે કશુંય નહીં.

**પ્રશ્નકર્તા :** એ માન્યતા ઊભી થાય છે, તે સંયોગ ભેગો થવાથી થાય છે ?

**દાદાશ્રી :** લોકોના કહેવાથી આપણને થાય. આપણા કહેવાથી માન્યતા થાય. અને આત્માની હાજરીથી માન્યતા થાય એટલે દૃઢ થઈ જાય અને એમાં એવું શું છે ? માંસના લોચા છે !

**પ્રશ્નકર્તા :** એકવાર હું ઓપરેશન જોવા ગયો હતો. ઓપરેશન કરવા માટે ચીર્યું તો પછી કંપારી આવી ગઈ.

**દાદાશ્રી :** સુંદરતા કશી હોતી જ નથી, માંસના લોચા જ છે.

**પ્રશ્નકર્તા :** આ રોંગ બિલીફ કેવી રીતે ઉડાડવી ?

**દાદાશ્રી :** આ મેં કેવી રીતે ઉડાડી હમણાં !

**પ્રશ્નકર્તા :** રાઈટ બિલીફથી.

## મૂરખ માણસોની માન્યતાનું સુખ

**પ્રશ્નકર્તા :** એમાં સાચું સુખ નથી પણ લિમિટેડ ટાઈમ (મર્યાદિત સમય) માટે તો છે, છતાંય એ છૂટતું નથી ને !

**દાદાશ્રી :** ના, એમાં સુખ જ નથી. એ તો માન્યતા જ છે ખાલી ! એ તો મૂરખ માણસોની માન્યતા જ છે ! આ તો હાથને હાથ ઘસીએ તો સુખ પડે તો જાણીએ કે આ ચોખ્ખે ચોખ્ખું સુખ છે, પણ આ વિષય તો નર્યો ગંદવાડો જ છે ! જો કોઈ બુદ્ધિશાળી માણસ એ ગંદવાડાનો હિસાબ કાઢે તો એ ગંદવાડા ભણી જાય જ નહીં ! હમણાં કેળા ખાવાના હોય તો એમાં ગંદવાડો નથી અને એ ખાવાથી સુખ ખરું, પણ આ તો નર્યા ગંદવાડાને જ સુખ માન્યું છે. શા હિસાબે સુખ માને છે, તેય સમજાતું નથી !

માણસને રોંગ બિલીફ છે કે વિષયમાં સુખ છે. હવે વિષયથીય ઊંચું સુખ મળે તો વિષયમાં સુખ ના લાગે. વિષયમાં સુખ નથી પણ દેહધારીને વ્યવહારમાં છૂટકો જ નહીં. બાકી જાણી જોઈને ગટરનું ઢાંકણું કોણ ખોલે ?

## સાચી સમજણથી ખસે વિષય

**પ્રશ્નકર્તા :** તો આ વિષયથી કેવી રીતે ખસાય ?

**દાદાશ્રી :** અમને જ્ઞાનીઓને તો બધું 'ઓપન' (ખુલ્લું) દેખાય. એમાં શું શું હશે, તે મતિ તરત જ ચોગરદમ બધે ફરી વળે. મહીં કેવો ગંદવાડો છે ને શું શું છે, તે બધું દેખાડી દે ! જ્યારે આ તો વિષયો જ નથી, વિષયો તો જાનવરોને હોય. આ તો ખાલી આસક્તિ જ છે. બાકી વિષય તો કોનું નામ કહેવાય કે પરવશપણે કરવું પડે.

જ્યાં સુધી જે બાબતમાં અંધ છે, તે બાબતમાં ત્યાં સુધી દૃષ્ટિ ખીલે જ નહીં ને ઊલટો વધારે ને વધારે અંધ થતો જાય. એનાથી દૂર રહે, ત્યાર પછી છૂટો થાય. ત્યારે એની દૃષ્ટિ ખીલતી જાય, પછી સમજાતું જાય. આ તો બધું અણસમજણથી ઊભું છે.

## બુદ્ધિશાળીઓ વિષયમાં ઊંડા ઊતર્યા

**પ્રશ્નકર્તા :** આ બુદ્ધિશાળીઓ પણ વિષયોનું 'વેરીફિકેશન' (ચકાસણી) કરતા નથી ?

**દાદાશ્રી :** ના, બુદ્ધિશાળીઓએ વિષયનું 'વેરીફિકેશન' કર્યું જ નથી. ઊલટાં બુદ્ધિશાળીઓ જ વિષયોમાં વધારે ઊંડા ઊતર્યા છે. અરે, આ 'મરીન ડ્રાઈવ' ને બધે ત્યાં આગળ જઈને જોઉં તો એમના વિષયને જોઈને તું એમ જ સમજું કે આ તો માણસ છે કે પશુઓ છે ! ટબની અંદર નહાય ને પાછા અત્તર ઘસીને ! હંમેશાં જ્યાં દુર્ગંધ હોય, ત્યાં શું કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** હા, અત્તર ઘસવું પડે. પણ પાછલા કેટલાય સમયથી કોઈએ એવો રસ્તો જ નથી બતાવ્યો કે આ વિષયોથી પણ બહાર કંઈક સુખ છે !

**દાદાશ્રી :** આ બુદ્ધિશાળી લોકોએ જ લખ્યું છે કે જગતમાં વિષયસુખ બધા સુખોમાં સર્વશ્રેષ્ઠ સમાન છે. વળી, બુદ્ધિશાળીઓએ તો એટલે સુધી લખ્યું કે કેળ હોય એવા એના પગ છે. ફલાણી આવી છે ને આમ બધું સ્ત્રીનું વર્ણન કરેલું છે. એટલે પછી લોક ગાંડા બન્યા. પણ કોઈએ એમ લખ્યું કે સ્ત્રી સંડાસ જાય છે ત્યારે કેવી દેખાય ? જે સંડાસ જતો હોય, તેની જોડે વિષય જ કેમ કરાય ? એને અડાય જ કેમ ? આ કેરી જો સંડાસ જતી હોય, તો આપણાથી કેરી ખવાય જ નહીં ને ? પણ કેરી તો ચોખ્ખી હોય છે, તેથી કેરી ખવાય ને !

એવું આ જગતના લોકો વિષયોની ફ્રીઝ જેવી ઠંડકમાં પડી રહ્યા છે. વિષયરૂપી ગારવતા છે, તેમાં પડી રહ્યા છે. એ કાદવ નર્યો ગંધાય છે. પેલો સારું ખાવાનું ટોપલામાં ધરે છે તોય એને (ભેંસને) ત્યાં આગળ આ ખાવાનું નથી ગમતું. એ રીતે આ વિષયની ગારવતામાં આખું જગત ફસાયું છે. મૂળ અજ્ઞાનતામાં, બેભાનપણામાં ચૂંથારો ચૂંથ્યો.

વિષય તો મૂર્ખોય ના ચાહે એવી વસ્તુ છે. બુદ્ધિનો સંપૂર્ણ પ્રકાશ થયેલો હોય, બુદ્ધિનો વિકાસ પામેલો હોય, તે પણ વિષયથી ડરે બિચારો. ચોખ્ખી બુદ્ધિવાળાને વિષયનું પૃથક્કરણ કરી આપવાનું કહીએ તો, 'વિષય થૂંકવા જેવી પણ વસ્તુ નથી' એમ કહે. એટલે ચોખ્ખી બુદ્ધિ હોય, એને તો વિષય ગમે જ નહીં. એ અડે જ નહી ને ! પણ બુદ્ધિમાં મળ જામી ગયેલો હોય, તેને તો બધું ઊંધું જ દેખાય.

### જગતની ફસામણ ખુલે, વિજ્ઞાન થકી

જગત જાણતું જ નથીને કે આ રેશમી ચાદરથી વીંટેલું છે બધું ? પોતાને જે ગમતો નથી એ જ કચરો, આ રેશમી ચાદરથી વીંટેલો છે. એ તમને લાગે છે કે નથી લાગતું ? એટલું સમજે તો નર્યો વૈરાગ જ આવે ને ? એટલું ભાન નથી રહેતું, તેથી જ આ જગત આવું ચાલે છે ને ! એવી કોઈને જાગૃતિ હશે આ બહેનોમાંથી ? કોઈ માણસ રૂપાળો દેખાતો હોય ને એને છોલે તો શું નીકળે ?

**પ્રશ્નકર્તા** : લોહી-માંસ ને એ બધું નીકળે.

**દાદાશ્રી** : માંસ-પરું એવું બધું ને ? અને રૂપ ક્યાં ગયું પછી ? આવા બધા વિચાર નથી કર્યા, તેને લીધે આ મોહ છે ને ?

**પ્રશ્નકર્તા** : હા, એવું જ લાગે છે.

**દાદાશ્રી** : હા, જુઓને કેવી ફસામણ ! વિચાર કરે તો ફસામણ જેવું નથી લાગતું, બહેન ? બુદ્ધિથી વાત સાચી લાગે છે ને, કે આ બધો મહીં ગંદવાડો છે ? દરેકનામાં ગંદવાડો હશે કે કેટલાંક ચોખ્ખા હશે, મીણ જેવાં ?

**પ્રશ્નકર્તા** : દરેકનામાં ગંદવાડો છે.

### અજાગૃતિથી ઉપજે મોહ

**દાદાશ્રી** : આ શરીરમાં આવો બધો ગંદવાડો છે એવી જાગૃતિ રહે, તો ગમે તેવા રૂપાળા દેખાય તોય મોહ ઉત્પન્ન થાય ખરો ?

**પ્રશ્નકર્તા** : ના થાય.

**દાદાશ્રી** : એ જાગૃતિ નથી, તેનો આ મોહ ઉત્પન્ન થાય છે અને એ મોહમાંથી પછી નર્યાં દુઃખો જ બધા ઊભા થાય છે. નહીં તો દુઃખ તે હોતું હશે ?

કોઈ છોકરો સારાં કપડાં-બપડાં પહેરીને, નેકટાઈ પહેરીને બહાર જતો હોય, તેને કાપે તો શું નીકળે ? તું અમથો શું કામ નેકટાઈ પહેર પહેર કરે છે ? મોહવાળા લોકોને ભાન નથી. તે રૂપાળો જોઈને મૂંઝાઈ જાય બિચારા ! જ્યારે મને તો બધું ઉઘાડું આરપાર દેખાય. આ બધા માણસો કપડાં કાઢીને ફરે તો તને ખરાબ ના લાગે ?

**પ્રશ્નકર્તા** : બહુ ખરાબ લાગે.

### કરી જુઓ વિષયનું પૃથક્કરણ

**દાદાશ્રી** : પૃથક્કરણ એટલે શું કે વિષય એ આંખે ગમે એવા હોય છે ? કાને સાંભળે તો ગમે ? અને જીભથી ચાટે તો મીઠું લાગે ? એકુંય ઈન્દ્રિયને ગમતું નથી. આ નાકને તો ખરેખરું ગમે ને ? અરે, બહુ સુગંધ આવે ને ? અત્તર ચોપડેલું હોય ને ? એટલે આવું પૃથક્કરણ કરે ત્યારે ખબર પડે. આખું નર્ક જ ત્યાં પડ્યું છે, પણ આવું પૃથક્કરણ નહીં હોવાથી લોક મૂંઝાયું છે. ત્યાં જ મોહ થાય છે એય અજાયબી જ છે ને !

એક ભાઈને વૈરાગ નહોતો આવતો. તેથી મેં એને 'થ્રી વિઝન' આપ્યા. પછી એવું થ્રી વિઝને જોયું

તો એને બહુ સરસ વૈરાગ આવી ગયો. તારે હજુ મોહ થાય ખરો ને ?

**પ્રશ્નકર્તા :** હા, હજુએ આમ કો'ક વખત મોહ ચઢે. ધારો કે બૈરી સરસ કપડાં પહેરીને આમ ચાલે તો, પછી મહીં મૂર્છા ઉત્પન્ન થાય.

**દાદાશ્રી :** એમ ? ત્યારે પેલા જાપાનીઝ પૂતળાને સરસ કપડાં પહેરાવે છે, ત્યાં કેમ મોહ નથી થતો ? સ્ત્રીનું મડદું હોય અને તેને સારા કપડાં પહેરાવે તો મોહ થાય ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** કેમ ના થાય ? તો આ બધાને શેનો મોહ થાય છે ? તો શેની ઉપર મોહ થાય છે ? આ વિચાર્યું નથી ને ? આત્મા ના હોય એવી સ્ત્રી જોડે મોહ કરે કોઈ ?

**પ્રશ્નકર્તા :** ના કરે.

**દાદાશ્રી :** તો એનું શું કારણ ? તો એ શું આત્મા જોડે મોહ કરે છે ? તારી જે બૈરી છે ને, એની ઉપર ગયા અવતારની તારી દૃષ્ટિ ચોંટી ગયેલી, તેનું આ ફળ આવ્યું છે.

## દાદાએ આપ્યો અદ્ભુત પ્રયોગ, થ્રી વિઝનનો

**પ્રશ્નકર્તા :** દાદા, આ થ્રી વિઝન શું છે ?

**દાદાશ્રી :** મારો જે પ્રયોગ કરેલો હતો, એ પ્રયોગ જ વાપરવાનો. અમારે એ પ્રયોગ નિરંતર ગોઠવાયેલો જ હોય. તે અમને જ્ઞાન થતાં પહેલાંય જાગૃતિ રહેતી હતી. આમ સુંદર કપડાં પહેર્યાં હોય, બે હજારની સાડી પહેરી હોય તોય જોતાંની સાથે જ તરત જાગૃતિ ઊભી થાય, તે નેકેડ (નગ્ન) દેખાય. પછી બીજી જાગૃતિ ઉત્પન્ન થાય, તે ચામડી વગરનું દેખાય અને ત્રીજી જાગૃતિ પછી પેટ કાપી નાખે તો મહીં આંતરડાં દેખાય, આંતરડાંમાં શો ફેરફાર થાય છે એ બધું દેખાય. લોહીની નસો મહીં દેખાય, સંડાસ દેખાય, આમ બધો ગંદવાડો દેખાય. પછી વિષય ઊભો થાય જ નહીં ને ! આમાંથી આત્મા ચોખ્ખી વસ્તુ છે, ત્યાં આગળ જઈને અમારી દૃષ્ટિ અટકે, પછી શી રીતે મોહ થાય ? લોકોને આવું આરપાર દેખાય નહીં ને ! લોકોને એવી દૃષ્ટિ નહીં ને ! એવી જાગૃતિ યે ક્યાંથી લાવે ? આવું દેખાય, એ તો મોટામાં મોટી જાગૃતિ કહેવાય. એટ-એ-ટાઈમ આ ત્રણેય જાગૃતિ હોય. આ મને જે જાગૃતિ હતી, તે તમને કહું છું. જે રીતે હું જીત્યો છું, એ રીતે તમને બધાને આ જીતવાનો રસ્તો દેખાડ્યો. રસ્તો તો હોવો જોઈએ ને ? અને તે કંઈ જાગૃતિ વગર તો કોઈ દહાડોય બને જ નહીં ને !

આ તો કાળ એવો વિચિત્ર છે, પહેલાં તો લિપસ્ટિકો અને મોઢે પાવડર, એ બધું ક્યાં ચોપડતા હતા ? જ્યારે અત્યારે તો એવું બધું ઊભું કર્યું છે કે ઊલટું ખેંચાણ કરે માણસને, એવું બધું મોહબજાર થઈ ગયું છે ! પહેલા તો શરીર સારું હોય, દેખાવડી હોય તોય આવા મોહના સાધન નહીં. અત્યારે તો નર્યું મોહબજાર જ છે ને ? તે કદરૂપા માણસેય રૂપાળા દેખાય છે, પણ આમાં શું જોવાનું ? આ તો નર્યો ગંદવાડો !

એટલે મને તો બહુ જાગૃતિ રહે, જબરજસ્ત જાગૃતિ રહે ! આપણું જ્ઞાન જાગૃતિવાળું છે. એટ-એ-ટાઈમ લાઈટ કરવું હોય તો થાય એવું છે ! હવે જો તે ઘડીએ આવી જાગૃતિનો ઉપયોગ ના કરે તો માણસ માર્યો જાય. આપણે ઘણુંય શુદ્ધાત્મા જોવા જઈએ તો પણ એ દૃષ્ટિ સ્થિર થવા ના દે, એટલે આવો ઉપયોગ જોઈએ. તે અમને જ્ઞાન થતાં પહેલા આવો ઉપયોગ ગોઠવાયેલો, નહીં તો આ મોહબજાર તો મારી જ નાખે આ કાળમાં. આ તો જોવાથી જ રોગ પેસી જાયને ! હવે શું એ પૈણેલા નથી ? પૈણેલા હોય તોય એવા ! કારણ કે આ કાળ જ એવો છે ! આ થ્રી વિઝન યાદ રહેશે કે ભૂલી જશો ?

## થ્રી વિઝન દેખવાનો ઉપાય

**પ્રશ્નકર્તા :** એટલે હવે થ્રી વિઝન દેખાય, એનો ઉપાય શું ?

**દાદાશ્રી :** એ કંઈ દેખાવાનું જ નથી. એનો ઉપાય જ ક્યાં કરવાનો ? એ જેને દેખાય, એ માણસ જ જુદી જાતના હોય, અફલાતુન માણસ હોય.

આ કાળમાં એટલો બધો વૈરાગ રહે નહીં માણસને ! એટલે આ થ્રી વિઝન બહુ ઊંચી વસ્તુ છે, એનાથી પછી વૈરાગ રહે. અમે નાની ઉંમરમાંથી આવો પ્રયોગ કરેલો. શોધખોળ કરી કે આ જ (વિષયનો) રોગ છે, મોટામાં મોટો. પછી આ જાગૃતિથી પ્રયોગ કરેલો. પછી તો અમને સહજ થઈ ગયું. અમને એમને એમ બધું સહેજે દેખાય. બે-ચાર વાર ગટરનું ઢાંકણું ઉઘાડવાનું હોય, પછી ખબર ના પડે કે મહીં શું છે તે ? પછી એવી ગટર આવે તો ખબર ના પડે ? વખતે બે-ચાર વાર ભૂલ થઈ જાય, પણ પછી તો આપણને ખબર રહેને ?

**પ્રશ્નકર્તા :** એટલે આ પ્રયોગ કન્ટીન્યુઅસ (સતત) રાખવાનો થ્રી વિઝનનો ?

**દાદાશ્રી :** ના, એ એમ જ છે ! આ તો લૂગડાં ઢાંકીને ફરે એટલે રૂપાળું દેખાય, બાકી મહીં એવું જ છે. આ તો માંસને રેશમી ચાદરથી બાંધ્યું છે એટલે મોહ થાય છે. માંસ એકલું હોય તોય વાંધો નહીં, પણ આ તો મહીં આંતરડાં બધું કાપે તો શું નીકળે મહીંથી ? એટલે એની પર વિચાર જ નથી કર્યો. એ જો વિચાર કર્યો હોય, તો તો ત્યાં દૃષ્ટિ ફરી જાય જ નહીં. આ તો ભ્રાંતિથી મૂર્ખાઈમાં માણસે સુખ કલ્પેલું છે. બધાએ કલ્પ્યું એટલે આણેય કલ્પ્યું, એવું ચાલ્યું છે ! સીત્તેર-એંસી વર્ષની સ્ત્રીઓ જોડે તું પૈણું ખરો ? કેમ નહીં ? પણ એના અંગ બધું સારું દેખાય કે નહીં ? એ જોવાનું મન જ ના થાય ને ?

## સાચું વિવરણ, મનુષ્ય દેહનું

આમ લોહીની મહીં બધા માંસના ટુકડા પડ્યા હોય તો તે તમને જોવાના ગમે ખરા કે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** અને ઈડલી જોવાનું ગમે ?

**પ્રશ્નકર્તા :** હા, ગમે.

**દાદાશ્રી :** કોથમીર અને લીલા મરચાંની ચટણી કરે, તે જોવાનું ગમે કે પેલું માંસ જોવાનું ગમે ?

**પ્રશ્નકર્તા :** ચટણી ગમે.

**દાદાશ્રી :** ચટણી લીલા લોહીની બનેલી છે અને આ લાલ લોહીનું. આ તો ખાલી રાગ-દ્વેષ કર્યા કરે છે. આની ઉપર રાગ કરે છે ને માંસ ઉપર દ્વેષ કરે છે ! ચટણી કયા લોહીની બનેલી છે ? સ્થાવર એકેન્દ્રિયનું ગ્રીન કલરનું લોહી છે ને આપણું લોહી લાલ છે. પાંચ ઈન્દ્રિયોના બધા જીવોનું લાલ કલરનું લોહી છે. લાલ લોહીમાં જાત જાતના ઘટ પ્રમાણ હોય. હાડકાંને તું કોઈ દહાડો અડતો નથીને ?

**પ્રશ્નકર્તા :** કો'ક દહાડો ભૂલમાં અડી જવાય.

**દાદાશ્રી :** ખાવાની જોડે માંસ મૂક્યું હોય તો ખાવાનું તને ભાવે કે ના ભાવે ?

**પ્રશ્નકર્તા :** ના ભાવે.

**દાદાશ્રી :** પણ એ માંસ ઢાંકેલું હોય તો ?

**પ્રશ્નકર્તા :** તો ભૂલમાં ખવાઈ પણ જવાય.

**દાદાશ્રી :** આ દેહને ઢાંકેલી ચાદર છે ને પેલું ઉઘાડું માંસ છે.

**પ્રશ્નકર્તા :** એ ઉઘાડું તો દેખાય, પણ આ ઢાંકેલું હોય તો ના દેખાય.

**દાદાશ્રી :** હમણાં ચાદર ઉઘાડીએ તો ?

**પ્રશ્નકર્તા :** માંસ ને બધું દેખાય તો ચીતરી ચઢે.

**દાદાશ્રી :** અને દેખાય નહીં તો ?

**પ્રશ્નકર્તા :** તો પછી ખબર ના પડે.

**દાદાશ્રી :** એ આપણી આંખ તે કેવી, કે છે છતાં નથી દેખાતું ? આપણે જાણીએ કે આ ચાદરથી

બાંધેલું છે, તોય પણ એ કેમ નથી દેખાતું ? આમ બુદ્ધિ તો કહે કે છે મહીં, તોય ના દેખાય, તો એ આંખ કેવી ? આ ચાદર (ચામડી) છે તેને લીધે આ બધું રૂપાળું લાગે છે. ચાદર ખસી જાય તો કેવું લાગે ?

**પ્રશ્નકર્તા :** લોહી-માંસ જેવું.

**દાદાશ્રી :** તો ત્યાં ચીતરી ના ચઢે ?

**પ્રશ્નકર્તા :** ચઢે.

**દાદાશ્રી :** કોઈને અહીં દાઝયો હોય ત્યાં પરુ નીકળતું હોય, તો ત્યાં આપણને હાથ ફેરવવાનું ગમે ?

**પ્રશ્નકર્તા :** ના ગમે.

**દાદાશ્રી :** આ શી રીતે વિષય ઊભો રહ્યો છે, તે જ સમજાતું નથી. એ ઉઘાડી આંખે ઊંઘે છે, ત્યાં ઊંઘતાને શું કરે ? લોકો તો 'દેહની મહીં શું છે' તે નથી જાણતા. આ હવાઈ તું લાવ્યો હોય તો તને ખબર પડે ને, કે આમાં દારૂ ભરેલો છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો આમાં કેમ ખબર નથી રહેતી ? હવાઈનું તો લક્ષ રહ્યા જ કરે કે આ દારૂ ભરેલો છે, આ ફૂટી નથી, હજી ફૂટવાની બાકી છે ને આ ફૂટી ગયેલી છે, એવી ખબર પડે છે ને ? અને આ જીવતા મનુષ્યોમાં શું દારૂ ભરેલો છે, તેની કેમ ખબર નથી પડતી ? એમાં શું શું દારૂ ભર્યો છે ?

**પ્રશ્નકર્તા :** હાડકાં, લોહી, માંસ.

**દાદાશ્રી :** હાડકાં મહીં ખરા કે ? તે શી રીતે જોયેલા ?

**પ્રશ્નકર્તા :** જોયા નથી, પણ બુદ્ધિથી ખબર પડેને ?

**દાદાશ્રી :** બુદ્ધિ તો પરાવલંબી છે, સ્વાવલંબી નથી. બીજી જગ્યાએ જોયું હોય તેના પરથી ખબર પડે કે માણસને આવું હોય છે, તે મારામાં હશે. બુદ્ધિ પરાવલંબી છે અને જ્ઞાન પરાવલંબી નથી. જ્ઞાન સીધું દેખે. ગંદવાડો લાગે તેવું બીજું કશું હશે શરીરમાં ?

**પ્રશ્નકર્તા :** બીજું ખબર નથી.

**દાદાશ્રી :** ખાવાનું તું શું શું ખાય છે ?

**પ્રશ્નકર્તા :** દાળ, ભાત, રોટલી, શાક.

**દાદાશ્રી :** પછી એ ગલન થાય છે, ત્યારે શું થાય છે ?

**પ્રશ્નકર્તા :** મળ થઈ જાય.

**દાદાશ્રી :** એવું શાથી થાય છે ? આપણે જે ખોરાક ખાઈએ ને તેમાંથી બધો સાર સાર ખેંચાઈ જાય અને લોહી ને એ બધું બને ને શરીર જીવતું રહે અને જે અસાર રહે તે નીકળી જાય.

## 'જેમ છે તેમ' જોવાનો શોર્ટકટ

**પ્રશ્નકર્તા :** એવો કોઈ રસ્તો નથી, શોર્ટકટ નથી કે થ્રી વિઝન પહેલા જ આરપાર-ચોખ્ખું દેખાય ?

**દાદાશ્રી :** આ જ શોર્ટકટ ! મોટામાં મોટો શોર્ટકટ જ આ ને ! આ થ્રી વિઝનથી અભ્યાસ કરતો કરતો આગળ જાય એટલે 'જેમ છે તેમ' એને દેખાય, પછી વિષય છૂટી જાય. થ્રી વિઝન સિવાયનો રસ્તો ઊંધે રસ્તે ચાલવાનો શોર્ટ (ટૂંકો) રસ્તો કહેવાય, નહીં તો પૈણવું હોય તો કોણે ના પાડી છે ? નિરાંતે પૈણો ને ! કોણે બાંધ્યા છે તમને ?

## જાગૃતિ રહે તો આરપાર જોવાય

આ મુંબઈમાં પાણી એટલું બધું ઓછું થઈ જાય કે નહાવાનો તાલ જ ના પડે, તો આ લોકોની શી દશા થાય ? ઘરમાં એક રૂમમાં બધાથી બેસાય નહીં, એવાં તો ગંધાઈ ઊઠે ! આ તો રોજ નહાય છે, તોય ગંધાય છે ને ? અને જો ના નહાય તો માથું ફાટી જાય એવા ગંધાય. આ નહાય છે તોય બપોરે બે વાગે કપડું ઘસીને જો પાણીમાં નીચોવીએને, તો પાણી ખારું

થઈ જાય. છતાં આ દેહ કિંમતી કેમ ગણ્યો છે ? કારણ કે મહીં ભગવાન પ્રગટ થયા છે, વ્યક્ત થયા છે. એટલા માટે બધા દેહ કરતાં આને કિંમતી ગણ્યું; ત્યારે લોકો એને કિંમતી બીજી રીતે લઈ ગયા.

આ તો તારે દૃષ્ટિ કેળવવી જોઈએ કે કપડાં સાથે આમ આરપાર દેખાય એટલે કે પહેરેલ કપડે કપડાં રહિત દેખાય, પછી ચામડી રહિત દેખાય, એવી દૃષ્ટિ કેળવવી પડે ત્યારે પોતાની સેફસાઈડ થાયને ! આ શાથી બોલું છું ? માણસને મોહ શાથી થાય છે ? કપડાં પહેરેલાં દેખે છે ને મોહ થાય છે ! પણ અમારા જેવી આરપાર દૃષ્ટિ થઈ જાય, પછી મોહ જ ઉત્પન્ન ના થાય ને !

## મોહને લીધે નથી દેખાતું થ્રી વિઝન

**પ્રશ્નકર્તા :** દૃઢ નિશ્ચય હોવા છતાં કોઈ સ્ત્રી તરફ વારંવાર દૃષ્ટિ ખેંચાય છે અને થ્રી વિઝન જાણવા છતાં 'જેમ છે' તેમ દેખાતું કેમ નથી ?

**દાદાશ્રી :** એ થ્રી વિઝન જાણેલું નથી. થ્રી વિઝન જાણે તો એને છે તે દૃષ્ટિ ખેંચાય જ નહીં. થ્રી વિઝન દેખાય એટલે હાથ જ ઘાલે નહીં. પછી આ તો દૃષ્ટિ પડે તો ઊલટું પાછું જોઈ લે.

**પ્રશ્નકર્તા :** થ્રી વિઝન નથી દેખાતું, એ મોહને લીધે ?

**દાદાશ્રી :** થ્રી વિઝન શું છે તે જ જાણતો નથી. મોહને લીધે ભાનમાં જ ના આવે ને મોહ એટલે બેભાનપણું !

અમને બધું આરપાર દેખાય. આ જ્ઞાન એવું છે કે જ્યારે ત્યારે તમને આવી દૃષ્ટિ કરાવશે. કારણ કે જ્ઞાનના આપનારાની દૃષ્ટિ આવી છે, મારી દૃષ્ટિ આવી છે. એટલે જ્ઞાનના આપનારાની જેવી દૃષ્ટિ હોય તેવી દૃષ્ટિ થાય. જેને આરપાર દેખાયા કરે, તેને કેમનો મોહ થાય તે ?

આ જ્ઞાન પ્રાપ્ત થયું એટલે 'આત્મદૃષ્ટિ' થઈને, એટલે હવે જાગૃતિ વધશે ને તેમ તેમ એય આરપાર જોતો થશે. આરપાર જોતો થયો કે એની મેળે જ વૈરાગ આવે. જોયું એટલે વૈરાગ આવે જ છે અને તો જ વીતરાગ થઈ શકાય, નહીં તો વીતરાગ થઈ શકાતું હશે ? અને ખરેખર એક્ઝેક્ટ એમ જ છે.

## શુદ્ધાત્મા ને પેકિંગ, કેળવો બેઉ દૃષ્ટિ

**પ્રશ્નકર્તા :** પણ કોઈને દેખે તો હજુ મહીં ખેંચાણ થાય છે.

**દાદાશ્રી :** આ ભવમાં ખેંચાણ ના થતું હોય, છતાં કોઈ બેનને દેખ્યા, તે આપણા મનમાં એવું થાય કે 'ઓહોહો, આ બેન કેટલા રૂપાળા છે ! દેખાવડા છે !' એવું આપણને થયું કે તેની સાથે જ આવતા ભવની ગાંઠ પડી ગઈ. એનાથી આવતા ભવે ખેંચાણ થાય. શેનું રૂપ ? આ છોલે તો શું નીકળે ? રૂપ કોનું નામ કહેવાય કે છોલે તોય ખરાબ ના નીકળે. આ રૂપ તો જોવા જેવું નથી. આ હીરાનું રૂપ બરોબર છે. એને છોલીએ તો કશુંય ના થાય. એમાં ગંદવાડો નહીં ને ! સોનાનું, ચાંદીનું રૂપ બરોબર છે. આ મનુષ્યના તો ગુણો હોય છે, પણ તે કેવા ગુણો હોય ? સંસારી ગુણો. સંસારી ગુણો વખાણવા જાય પછી આકર્ષણ થાય. એટલે આ ધાર્મિક ગુણો, જ્ઞાનના ગુણો વખાણે, તે વાત જુદી છે. બાકી વખાણવા જેવું જગત નથી, એક શુદ્ધાત્મા એકલો જ સમજવા જેવો છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે 'દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય.' શાસ્ત્રોમાં વાંચીએ છીએ કે સ્ત્રી પર રાગ ના કરવો અને પાછા સ્ત્રીને જોઈએ છીએ ને ભૂલી જવાય છે, તેને 'દેખત ભૂલી' કહેવાય. મેં તો તમને એવું જ્ઞાન આપ્યું છે કે હવે તમને 'દેખત ભૂલી' યે રહી નહીં, તમને શુદ્ધાત્મા દેખાય. બહારનું પેકિંગ ગમે તેવું હોય તોય પેકિંગ જોડે આપણને શી લેવાદેવા ? પેકિંગ તો સડી જવાનું છે, બળી જવાનું છે, પેકિંગમાં શું કાઢવાનું છે ? એટલા માટે જ્ઞાન આપેલું છે કે આપણે શુદ્ધાત્મા જુઓ, એટલે 'દેખત ભૂલી ટળે' ! 'દેખત ભૂલી ટળે' એટલે શું કે આ

મિથ્યા દૃષ્ટિ છે, એ દૃષ્ટિ ફરે અને સમ્યક્ દૃષ્ટિ થાય તો બધા દુઃખોનો ક્ષય થાય ! પછી એ ભૂલ ના થવા દે, દૃષ્ટિ ખેંચાય નહીં.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા પદમાં રહેવા માટે મુખ્ય વસ્તુ કઈ જોઈએ ?

**દાદાશ્રી :** આ વિષયમાંથી છૂટ્યો એટલે પછી શુદ્ધાત્મામાં રહેવાય. પૈણેલો હોય તેનો અમને વાંધો નથી, પણ હરૈયાનો વાંધો છે. પૈણેલી જોડે પાંચમાંથી એક મહાવ્રતનો, બ્રહ્મચર્યનો ભંગ થાય છે અને કળિયુગમાં તો એવા જંતુઓ એકબીજામાં હોય છે કે તેમને પછી જંપવા જ નથી દેતા. કારણ કે આ બહાર રખડનારાઓને જર્મ્સ (જંતુઓ) બહુ જ નુકસાન કરે છે. તેની પોતાને ખબર ના પડે. તેથી હું કહું છું ને કે એકને પૈણ. કારણ કે આ તને નેસેસરી (જરૂરી) વસ્તુ છે. પોતે પૂર્વજન્મમાં બ્રહ્મચર્યના ભાવ ના કરેલા હોય, તેથી પૈણવું પડે છે.

આત્મા કેવો છે એ પણ લોક જાણતાં નથી. એ તો જ્ઞાની પુરુષ જ્યારે આત્મજ્ઞાન આપે ત્યારે આ આત્મા આવો છે ને આવો નથી, એવું બે વિભાજન કરી આપે ત્યારે લક્ષ બેસે, નહીં તો આત્માનું લક્ષ જ ના બેસે ને ! પુદ્‌ગલનો ફોર્સ (બળ) જબરજસ્ત છે, તેથી એનો એટલો બધો ફોર્સ છે કે આત્મા હાથમાં આવે એવો જ નથી.

## પુદ્‌ગલ સ્વભાવ જ્ઞાને કરીને

પુદ્‌ગલનો સ્વભાવ જો જ્ઞાને કરીને રહેતો હોય, તો તો પછી આકર્ષણ થાય એવું છે જ નહીં. પણ પુદ્‌ગલનો સ્વભાવ જ્ઞાને કરીને રહેતો હોય, એવું હોય જ નહીંને કોઈ માણસને ! પુદ્‌ગલનો સ્વભાવ અમને તો જ્ઞાને કરીને રહે.

**પ્રશ્નકર્તા :** પુદ્‌ગલનો સ્વભાવ જ્ઞાને કરીને રહે તો આકર્ષણ ના રહે, એ ના સમજાયું.

**દાદાશ્રી :** એટલે શું કે કોઈ સ્ત્રીએ કે પુરુષે ગમે તેવાં કપડાં પહેર્યાં હોય તો કપડાં રહિત દેખાય, તે જ્ઞાને કરીને ફર્સ્ટ દર્શન. બીજું, સેકન્ડ દર્શન એટલે શરીર પરથી ચામડી ખસી જાય તેવું દેખાય અને થર્ડ દર્શન એટલે બધું જ અંદરનું દેખાય. પછી આકર્ષણ રહે ખરું ? એવું તને રહે છે ?

**પ્રશ્નકર્તા :** એવો અભ્યાસ દહાડે દહાડે વધતો જાય છે.

**દાદાશ્રી :** ત્યારે સારું. એવો અભ્યાસ કરે, તે સારું કહેવાય.

અમને તો નાનપણથી આ (વિષય) ગમે નહીં કે લોકોએ આમાં સુખ કેમ માન્યું છે ? તેય મને એમ લાગે કે આ કઈ જાતનું છે ? આ તો બધું કપડાંથી ઢાંકેલું છે તેથી મોહ થાય છે. અમને તો નાનપણથી આ થ્રી વિઝનની પ્રેક્ટિસ પડી ગયેલી. એટલે અમને તો બહુ વૈરાગ આવ્યા કરે.

## રમણતાથી દોષો ઊભા થયા

એ શાથી આકર્ષણ થાય કે પૂર્વે અજ્ઞાનતાથી, આ આપણને સમજણ નહીં, તેથી એની જોડે છે તે એ રમણતા કરેલી છે. એટલે ફરી આકર્ષણ ઊભું થાય. એટલે આપણે સમજી જવાનું કે હવે આને કંઈ હિસાબ છે આ. તારે આવી રીતે કંઈ ડખો નહીં ને, થ્રી વિઝન રહે ને ?

**પ્રશ્નકર્તા :** તોય કોઈ વાર કાચું પડી જાય.

**દાદાશ્રી :** એમ ! તે ઘડીએ ડાબા હાથથી જમણા ગાલને ધોલ મારી દઉં ? ત્યારે શું કરું ? 'શું સમજે છે' કરીને એક ધોલ આપી દેવી.

વિષય રમણતા કરી હોય તેને પ્રતિક્રમણ કરીને ધોઈ નાખવું. પછી દાંત-બાંત તોડી નાખીએ તો શું દેખાય, એવું બધું જોવું જોઈએ. થ્રી વિઝન તો કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** પણ થ્રી વિઝન જોવા છતાંય એ પાછું ને પાછું યાદ આવે છે.

**દાદાશ્રી :** એ યાદ એ તો મનનું કામ છે, તારે શું જાય છે ? તારે 'જોયા' જ કરવાનું.

હજી તો બધું બહુ પાર વગરનું ! હજી તો કંઈ હિસાબેય નથી. હજુ તો આ પાશેરીની પહેલી પૂણી ખસી છે. પણ આ અહીંથી ઝટ કાપી નાખે તેને કશુંય નથી બહુ. દેખાયું ત્યાંથી પ્રતિક્રમણ કરે અને પછી પેલી રમણતામાં ના પડે, રાતે કશેય. જરાય એનો વિચાર આવ્યો કે રમણતામાં પડવાનું નીચે, સ્લિપ થયું કહેવાય. એ તો રમણતાથી જ આ બધા દોષ ઊભા થયા છે ને !

દૃષ્ટિ બદલાય પછી રમણતા ચાલુ થાય. દૃષ્ટિ બદલાય તો એનું કારણ છે, એની પાછળ ગયા અવતારના કોઝિઝ છે. તેથી કરીને બધાનું જોઈને દૃષ્ટિ બદલાતી નથી, અમુકને જુએ ત્યારે દૃષ્ટિ બદલાય છે. કૉઝીઝ હોય, એનો આગળનો હિસાબ ચાલ્યો આવતો હોય તે અને પછી રમણતા થાય તો જાણવું કે વધારે મોટો હિસાબ છે, એટલે ત્યાં વધારે જાગૃતિ રાખવી.

### વિષયને પરિણામે જ કષાયોની ઘટમાળ

**પ્રશ્નકર્તા :** હવે (પરિણીતોને) આ વિષયમાં સુખ લીધું, એના પરિણામે પેલા ઝઘડા ને ક્લેશ બધું થાય ને ?

**દાદાશ્રી :** બધું આ વિષયમાંથી જ ઊભું થયું છે અને સુખ કશુંય નહીં પાછું. સવારના પહોરમાં દિવેલ પીધા જેવું મોઢું હોય. જાણે દિવેલ પીધેલું ના હોય !

**પ્રશ્નકર્તા :** આ અથડામણો-કષાયો થાય છે, એનું મૂળ વિષય જ ને ?

**દાદાશ્રી :** હા, બધું વિષયને લઈને જ છે. એ વિષયમાં એક્સપર્ટ (નિષ્ણાત) થઈ ગયેલો હોય. વિષયમાં 'ટેસ્ટફૂલ' થયેલો છે. એટલે મહીં સ્વાર્થ હોય અને સ્વાર્થને લઈને અથડામણ થાય. સ્વાર્થમય પરિણામ હોય ત્યાં કોઈ દહાડો કશું દેખાય નહીં. સ્વાર્થી હંમેશાં આંધળો હોય. સ્વાર્થી, લોભી, લાલચુ બધા આંધળા હોય. આ દુનિયાનો બધો આધાર પાંચ વિષય ઉપર જ છે. જેને વિષય નથી, તેને અથડામણ નથી. વિષયમાં અજ્ઞાનતા હોય ત્યારે કષાય ઊભાં થાય અને જ્ઞાન હોય તો કષાય ના થાય. (મૂળ) અજ્ઞાનતાનો દોષ છે. રૂટ કૉઝ શું છે ? અજ્ઞાનતા.

### વિષય-કષાયના કકળાટ

**પ્રશ્નકર્તા :** મેં ઘણા સારા મહાત્માઓ જોયા છે, મોટી મોટી જ્ઞાનની વાતો કરે છે પણ એમનો સ્થૂળ ક્લેશ નથી જતો. સૂક્ષ્મ ક્લેશ તો વખતે હોય, એ ના જાય, પણ સ્થૂળ ક્લેશ કેમ ના જાય ?

**દાદાશ્રી :** એવું, આ બધાનું મૂળ છે વિષય. અને આ દુનિયામાં મોટામાં મોટી ફસામણ હોય તો વિષય અને એમાં કશુંય સુખ નથી, બળ્યું ! સુખમાં કશુંય નથી અને એના ઝઘડાં પાર વગરના ઊભા થાય છે ! ડખાડખ શાથી ઘરમાં થાય છે ? બેઉ વિષયી હોય, જાનવર જેવા વિષયી હોય, પછી આખો દહાડો અથડામણ થયા કરે.

**પ્રશ્નકર્તા :** પણ મને એ સમજણ પડતી નથી કે ક્લેશ અને વિષયને મેળ કેમનો ખાતો હશે ? ઝઘડો અને વિષય, એ બેને મેળ કેમનો ખાય ? એ મારા મગજમાં નથી ઊતરતું. મારઝૂડ સુધીનો ક્લેશ અને વિષય, એ બેને મેળ ખાય ? શું માણસ ત્યારે આંધળો બની જતો હશે ?

**દાદાશ્રી :** અરે, સામસામી મારે.

**પ્રશ્નકર્તા :** હા, પણ વિષયના પરમાણુ ઊભા થાય ત્યારે આંધળો બની જતો હશે ? એને મહીં યાદ નહીં આવતું હોય કે આપણે મારામારી કરતા હતા ?

**દાદાશ્રી :** આ મારામારી કરે ને, ત્યારે તો (પછી) વિષયની મઝા આવે એમને ! પાછું સ્વમાન જેવું કશું નહીં. પેલી આને ધોલ મારે, ત્યારે આ પેલીને ધોલ મારે. પાછો ધણી અમને આવીને કહી જાય કે

મને મારી બૈરી મારે છે ! ત્યારે હું કહુંય ખરો કે હેં, તારે તો આવી મળી ? તો તો તારું કલ્યાણ થઈ ગયું (!)

**પ્રશ્નકર્તા :** પણ આપણને આ બધું જોઈને કંપારી છૂટી જાય. રોજ ને રોજ આવા જ ઝઘડા ચાલ્યા કરે. (કેવી રીતે) આટલા બધા દુઃખો આ લોકો સહન કરે છે, આટલા સુખને માટે ?

**દાદાશ્રી :** એ જ લાલચ છે ને આ વિષય ભોગવવાની ! એ તો કેટલાંય વર્ષોથી, પૈણ્યા ત્યારથી આવું ચાલે છે. પૈણ્યા ત્યારથી એક બાજુ ઝઘડાંય ચાલુ છે અને એક બાજુ વિષયે ચાલુ છે ! તેથી તો અમે કહ્યું કે તમે બન્ને બ્રહ્મચર્ય વ્રત લઈ લો, તો ઉત્તમ લાઈફ (જીવન) થઈ જાય. એટલે આ બધી વઢવાડ પોતાની ગરજના માર્યા કરે છે. પેલી જાણે કે એ છેવટે ક્યાં જવાના છે ? પેલોય જાણે કે એ ક્યાં જવાની છે ? આમ સામસામી ગરજથી ઊભું રહ્યું છે.

## છતાં ન આવે વૈરાગ્ય

આ તો વૈરાગ્ય જ નથી આવતો ! અલ્યા, આ તને વિષય પ્રિય છે કે આ ગાળો પ્રિય છે ? મને તો એક ગાળ કોઈએ દીધી હોય તો ફરી સંબંધ જ એની જોડે કટ કરી દઉં. પછી બહારનો સંબંધ રાખું પણ આંતરિક સંબંધ કટ ! કંઈ ગાળો ખાવા માટે આ અવતાર છે ?

તમારે ઘરમાં રોજની ડખાડખ પસંદ ના હોય, તો પછી એની જોડે વિકારી સંબંધ જ બંધ કરી દેવો. વિષય તો હડહડતી પાશવતા છે. માટે આ પાશવતા બંધ કરી દેવી. બુદ્ધિશાળી સમજણવાળો હોય, તેને વિચાર ના આવે ? (વિષય વખતે) ફોટો લે તો કેવો દેખાય ? તોય શરમ ના આવે ? મેં આવું કહ્યું ત્યારે વિચાર આવે, નહીં તો આવો વિચાર ક્યાંથી આવે ? અને જ્યાં સુધી તમારે વિકાર સંબંધ છે, ત્યાં સુધી આ ડખાડખ રહેવાની જ. એટલે અમે તમારી ડખાડખમાં વચ્ચે પડીએ જ નહીં. અમે જાણીએ કે વિકાર બંધ થશે, ત્યારે એની જોડે ડખો બંધ થઈ જ જાય. એક ફેરો એની (ફાઈલ નં. ૨) જોડે વિકાર બંધ કરી દીધોને, પછી તો આ એમને મારે તોય એ કશું ના બોલે. કારણ કે એ જાણે કે હવે મારી દશા બેસી જશે ! માટે આપણી ભૂલથી આ બધું ઊભું છે. આપણી ભૂલે જ આ બધાં દુઃખો છે. વીતરાગો કેવા ડાહ્યા ! ભગવાન મહાવીર તો ત્રીસ વર્ષે છૂટાં થઈ ને મસ્તીમાં ફરતા હતા !

એની (ફાઈલ નં. ૨) જોડે વિષય બંધ કર્યા સિવાય બીજો ઉપાય જ નથી. આ દુનિયામાં કોઈને આ સિવાય બીજો ઉપાય જડ્યો જ નથી. કારણ કે આ જગતમાં રાગ-દ્વેષનું મૂળ કારણ જ આ છે, મૌલિક કારણ જ આ છે. અહીંથી જ બધો રાગ-દ્વેષ ઊભો થયો. સંસાર બધો અહીંથી જ ઊભો થયો છે. એટલે સંસાર બંધ કરવો હોય તો અહીંથી જ બંધ કરી દેવો પડે. પછી કેરીઓ ખાવ, ફાવે એ ખાવને ! બાર રૂપિયે ડઝનવાળી કેરીઓ ખાવને, કોઈ પૂછનાર નથી. કારણ કે કેરીઓ સામો દાવો નહીં માંડે. તમે એને ના ખાવને, તો એ કંઈ કકળાટ નહીં કરે અને આ સંબંધમાં તો તમે કહેશો કે 'મારે નથી જોઈતું.' ત્યારે એ કહેશે કે 'ના, મારે તો જોઈએ જ છે.' એ કહેશે કે 'મારે સિનેમા જોવા જવું છે.' ત્યારે તમે ન જાવ તો કકળાટ ! આવી જ બન્યું જાણે ! કારણ કે સામી વ્યક્તિ મિશ્ર ચેતન છે અને એ કરારી છે, એટલે દાવો માંડે !

**પ્રશ્નકર્તા :** એ કરાર ફાડી નાખવો ?

**દાદાશ્રી :** એ કરાર ફાડી નાખો, તો પછી કશું દુઃખ રહેતું જ નથી.

## વિષયની લાલચ કાઢવા પુરુષાર્થ શું ?

**પ્રશ્નકર્તા :** વિષયની લાલચ કાઢવા શું પુરુષાર્થ કરે તો એ નીકળે ?

**દાદાશ્રી :** એ તો વાત સમજે એક વાર, વિષયને જો સારી રીતે સમજી લે તો ! એ વિષય તો આંખને ના ગમે એવો છે, કાનને સાંભળવાનો ના

ગમે એવો છે, નાકને સોડવાનો ના ગમે એવો છે, જીભને ચાટવાનો ના ગમે એવો છે. પાંચેય ઈન્દ્રિય નાખુશ થઈ જાય, પાંચેય ઈન્દ્રિયોને ગમે નહીં, એમ બધી જ રીતે ફોડ પાડીને સમજવું પડે. એ મનનેય ગમતું નથી, બુદ્ધિનેય ગમતું નથી, અહંકારનેય ગમતું નથી, છતાંય શી રીતે ચોંટ્યો છે તે જ સમજાતું નથી.

### વિષય જીતવા જુઓ શુદ્ધાત્મા રૂપ

કૃપાળુદેવે તો શું કહ્યું છે કે

*"નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,*
*ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન."*

આપણે અક્રમ માર્ગમાં સ્ત્રીને કાષ્ટની પૂતળી નહીં ગણવાની. આપણે (એનામાં) આત્મા જોવો. આ તો ક્રમિક માર્ગવાળા કાષ્ટની પૂતળી કહે, પણ એ ગોઠવણી ક્યાં સુધી રહે ? જરા ફરી વિચાર આવે, તે ઘડીએ પાછું ઊડી જાય. પણ આપણે શુદ્ધાત્મા જોઈએ તો ? એટલે નવયૌવનાને દેખી અને મહીં ચિત્ત ઝલાયું હોય, ત્યાં આગળ શુદ્ધાત્માને જો જો કરીએ એટલે બધું જતું રહે, ચિત્ત પછી છૂટી જાય. વિષય જીતવા માટે શુદ્ધાત્માને જુએ તો ઉકેલ આવશે, નહીં તો ઉકેલ નહીં આવે.

*"આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ,*
*એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ."*

બધો શોક જ એનાથી ઊભો થયો છે. આ સ્ત્રીનો ત્યાગ થયો, એનાથી છૂટા થયા કે બધો ઉકેલ આવી ગયો. જે બધું નિરંતર શોકનું જ સ્વરૂપ છે. આખો દહાડો શોક, શોક ને શોક જ હોય. શોક જ મળતો હોય, એ પછી જતું રહે. નહીં તો જે વળગ્યું, તે પછી છૂટું જ ના થાય ને !

### વિષયરૂપ અંકુરથી...

*"વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન અને ધ્યાન,*
*લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન."*

એક જ જો (અણહકનો) વિષય કર્યો તો બધું બગડી જાય. ફરી અનંત અવતારની ખોટ આવે અને નર્કગતિનો અધિકારી થાય. કયો વિષય છે તે નર્કગતિ ના કરે ? જે લોકમાન્ય હોય. કોઈ પરણેલો માણસ, એની સ્ત્રીને લઈને જતો હોય તો લોકો વાંધો ઉઠાવે !

**પ્રશ્નકર્તા :** ના ઉઠાવે.

**દાદાશ્રી :** અને પરણેલો ના હોય ને જતો હોય તો ?

**પ્રશ્નકર્તા :** તો વાંધો ઉઠાવે.

**દાદાશ્રી :** એ લોકમાન્ય ના કહેવાય. એ નર્કગતિનો અધિકારી થાય. બંનેને નર્કમાં જવું પડે, બંનેને નર્કમાં સાથે રહેવું પડે પાછું.

**પ્રશ્નકર્તા :** 'વિષયરૂપ અંકુરથી...' એટલે ?

**દાદાશ્રી :** મહીં બીજ હોય ને એ વિચાર આવ્યો ને તેની મહીં તન્મયાકાર થાય એ અંકુર કહેવાય. એ અંકુર ઊભું થયું કે ગયો... તેથી આપણે નક્કી કરીએ છીએ ને કે વિચાર આવતા પહેલા ખેંચીને બહાર નાખી દેજો. એ અંકુર ફૂટ્યું કે પછી જ્ઞાન ને ધ્યાન બધું તૂટી જાય, ખલાસ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આ અક્રમ વિજ્ઞાનમાં પણ એવું જ હોય ?

**દાદાશ્રી :** વિચાર આવેને તો જ્ઞાન ને ધ્યાન એકલું જ નહીં પણ આત્મા જ જતો રહે. ક્રમિકમાં તો જ્ઞાન-ધ્યાન જતું રહે ને અક્રમમાં તો આત્મા આપેલો છે, તે જતો રહે. એટલે અંકુર સુધી કરાય નહીં.

### બ્રહ્મચર્યના સેવનથી પામે પાત્રતા

પછી કૃપાળુદેવ તો શું કહે છે કે

*"પાત્ર વિના વસ્તુ ના રહે, પાત્રે આત્મિક જ્ઞાન,*
*પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિ માન."*

બ્રહ્મચર્ય સેવે તો પાત્ર થાય, એમ કૃપાળુદેવ કહે છે. એમણે એમ નથી કહ્યું કે કેરીઓ ના ખાશો.

મૂળ જ પકડ્યું છે આખું. જો સામો અજીવ હોત ને દાવો ના માંડે, તો બ્રહ્મચર્ય ના સેવત આપણે. પણ આ તો દાવો માંડે.

*"જે નવ વાડ વિશુદ્ધિથી, ધરે શિયળ સુખદાય."*

**પ્રશ્નકર્તા :** નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યની વ્યાખ્યા શું ?

**દાદાશ્રી :** નવ વાડ એટલે એવું છે ને, મન-વચન-કાયાથી બ્રહ્મચર્ય પાળવાનું. મનથી જે વિચારતા હોય, તે બધું વિચારવા-કરવાનું નહીં. આગળના વિષયો યાદ આવે તો, તે ઘડીએ બધું વિસારે પાડી દેવાનું. વાણીથી એવું બોલવાનું નહીં, એ દેહથી બહુ દૂર રહેવાનું.

નવ વાડ કહી છે ને, કે સ્ત્રી બેઠી હોય ત્યાં આપણે બેસવું નહીં, તેને જોવી નહીં. કોઈ વિષય ભોગવતો હોય તો આપણે ખાનગી રીતે તિરાડમાંથી જોવું નહીં. જોઈએ તોય આપણું મન બગડી જાય. આપણે પાછળ જે સંસાર ભોગવ્યો હોય, તેને યાદ કરવો નહીં. યાદ કરીએ એટલે ફરી પાછા વિચાર આવે, આમ આવી રીતે બધી નવ વાડો છે.

સ્ત્રી બેઠી હોય તે જગ્યાએ બેસશો નહીં એવું કહે. પછી એ જગ્યા ઉપર શું થાય ? રાગ બેસે કે દ્વેષ બેસે ? દ્વેષ થયા કરે. ઊલટું, રાગ-દ્વેષના કારખાના વધ્યા. એટલે નવવાડને આપણે શું કરીએ ? એના કરતાં એક વાડ કરી નાખને તોય બહુ થઈ ગયું. નવ વાડ કરવા જતાં પાછા બીજા રાગ-દ્વેષ ઊભા થશે. નવ વાડ તો અત્યારે કોઈથી પણ થઈ શકે નહીં. એક-બે વાડ તો તૂટી ગયેલી હોય, તો તમે શી રીતે નવ વાડ પૂરી કરી શકો ? આપણે તો અમે જે દેખાડ્યું છે એમાં રહો. આપણું કરે તો એમાં નવ વાડ બધુંય આવી જાય છે. નવ વાડનું કરવામાં અહંકારની જરૂર પડે, પણ આપણે ત્યાં તો કરવાનો માર્ગ જ નથી. એના કરતાં સ્થૂળ બ્રહ્મચર્ય પાળોને અને મનમાં જે વિચાર આવે તો એનાં પ્રતિક્રમણ કરી ધોઈ નાખો.

## પ્રતિક્રમણથી કરી નાખો ચોખ્ખું

**પ્રશ્નકર્તા :** તો પછી પ્રતિક્રમણ કરતી વખતે આપણે યાદ કરીએ છીએ, એટલે એનો નવો બંધ ના પડે ?

**દાદાશ્રી :** હા, યાદ આવે, પણ પ્રતિક્રમણ એટલે આપણે તો એ શું કરવા માંગીએ છીએ કે વિષયને ઉડાડી દેવા માંગીએ છીએ અને પેલા તો લાલચને માટે યાદ કરે. બન્નેના ભાવમાં ફેર છે. પેલું યાદ આવે છે, તે લાલચથી યાદ આવે છે અને આ તો પ્રતિક્રમણથી યાદ આવે છે. પ્રતિક્રમણ કરવા પાછળ છોડવાનો ભાવ છે.

## વિષય જીત્યે, જીતાય જગ

*"એક વિષયને જીતતાં, જીત્યો સહુ સંસાર,*
*નૃપતિ જીતતાં જીતિયે, દળ, પૂર ને અધિકાર."*

એક રાજાને જીત્યો હોય તો દળ, પૂર ને અધિકાર બધું આપણને મળી જાય. એનું લશ્કર બધું જ મળી જાય. લશ્કર જીતવા જઉં તો રાજા ના જીતાય. તેમ આ રાજા (વિષયરૂપી) જીત્યો કે બધું જ આપણા તાબામાં આવ્યું. તેથી અમે મુક્ત રહીએ છીએને ! આ એક જ વિષય એવો છે કે જે જીતે તો રાજપાટ બધું હાથમાં આવી ગયું. અમને વિષયનો વિચાર સરખોય આવે નહીં.

એક વિષય જીતે તો આખું જગત જીતી ગયો, બસ ! ભલેને પછી ગમે તે ખાવ કે પીવો, એમાં કશું નડવાનું નથી. પણ આ જેણે જીત્યું, તે આખું જગત જીતી ગયો. આ એકલું જ, માણસ અહીં જ ફસાય છે. વિષય જીત્યો એટલે દુનિયાનો રાજાને ! કર્મો જ બંધાય નહીંને ! એમાંથી તો નર્યા કર્મો, ભયંકર કર્મો બંધાય. એક જ ફેરાનો વિષય એ કેટલાય જીવો ખલાસ કરી નાખે ! એ બધા જીવોનું ઋણાનુબંધ બંધાય. એટલે આટલો એક વિષય જીતી જાય તો બહુ થઈ ગયું.

## જાગૃત એંઠવાડામાં હાથ ના ઘાલે

**પ્રશ્નકર્તા :** આ વિષય ક્યારે જાય ?

**દાદાશ્રી :** વિષય ક્યારે જાય ? એ વિષય તો જાગૃતિથી જાય. વિષય એમને એમ જાય એવો નથી. છેલ્લો વિષય, એક હક્કનો વિષય પણ તૂટે ક્યારે ? જાગૃતિ હોય તો. જાગૃતિ કોનું નામ કહેવાય કે આમ સ્ત્રી-પુરુષ કપડાં પહેરેલાં છતાં નાગા દેખાય, પછી 'સેકન્ડ વિઝને' ચામડી ખસી ગયેલાં દેખાય અને 'થર્ડ વિઝને' અંદર બધું ચૂંથાઈ ગયેલો બધો માલ હોય એવું દેખાય. આ ત્રણ વિઝન 'એટ એ ટાઈમ' એક મિનિટની અંદર જ થઈ જાય. હવે એટલી જાગૃતિ હોય ત્યારે છેલ્લા સ્ટેશનમાં પહોંચાય. આખી દુનિયામાં જાગૃતિવાળા કેટલા ? સો-બસો માણસ હશે ને ? આ કાળમાં જ આ હું એકલો છું. આવા જાગૃતિવાળા તો હોતા હશે ? પોતે દેહધારી થઈ અને આવી જાગૃતિ તો હોતી હશે ? મોટો સાયન્ટિસ્ટ (વૈજ્ઞાનિક) હોય કે માનસશાસ્ત્રી હોય, પણ આવી જાગૃતિ જ ના હોય ને !

જાગૃતને તો તેવું જ દેખાય બધું. સંપૂર્ણ જાગૃતિ ક્યારે કહેવાય ? આ બધું એને એવું જ દેખાય. પણ આ કાળનું વક્રપણું એવું છે કે એ જાગૃતિને ટકવા ના દે, માટે ચેતતા રહેવું જોઈએ. નહીં તો સવારના પહોરમાં પાંચ વખત બોલવું કે મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે, સ્ત્રી-પુરુષ અગર નપુંસક, ગમે તે લિંગધારી હોય, તો તેના સંબંધી કિંચિત્‌માત્ર પણ વિષય-વિકાર સંબંધી દોષો, ઈચ્છાઓ, ચેષ્ટાઓ, વિચાર સંબંધી દોષો ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો. અને એને 'સિન્સીયર' રહેવું.

### વિષયની રુચિ સમજણથી છેદાય

આ વિષય એ સમજણનો વિષય (સબ્જેક્ટ) છે. એટલે બહુ વિચારે કરીને વિષયો જાય. એટલા માટે વિષયથી છૂટવા માટે મેં આ ત્રણ વિઝન બતાડ્યા છે ને ! પછી એને રાગ થાય નહીં ને ! નહીં તો સ્ત્રીએ આમ સારા ઘરેણાં ને સારા કપડાં પહેર્યાં હોય તો બધું ભૂલી જાય ને મોહ ઉત્પન્ન થઈ જાય.

**પ્રશ્નકર્તા :** વિષયોમાં જે ઈન્ટરેસ્ટ ઊભો થાય છે એ રુચિ પડી, એના આધારે ઊભો થાય છે ?

**દાદાશ્રી :** હા. રુચિ ના હોય તો કશું નહીં. અરુચિ ઉપર વિષય ઊભો કેમ થાય ? કોઈ સ્ત્રી હાથે દાઝી ગઈ હોય, (પહેલા) રોજ આખા શરીરે પુરુષ અડતો હોય, પણ હાથે દાઝી ગયેલું હોય ને પછી ફોલ્લાં પડે અને પછી પરું નીકળતું હોય, એ ઘડીએ પેલી સ્ત્રી કહે કે 'અહીંયા આ જરા ધોઈ આપો.' તો શું કહે ?

**પ્રશ્નકર્તા :** ના પાડે.

**દાદાશ્રી :** જુઓ, આવી નાની બાબત છે ને, તો આપણને વાતને પકડતાં ના આવડે ? ખાલી પરું થયું હોય, એમાં અહંકાર કરે અને જેમાં હજારો જોખમ છે એવા વિષયમાં અહંકાર (કરીને નીકળતો નથી) એ કેવી અજાયબી છે ને !

(એટલે આ) થ્રી વિઝન તો બહુ કામ કાઢી નાખે. થ્રી વિઝનથી તો બધું રાગે પડી જ જાયને !

**પ્રશ્નકર્તા :** મારી દૃષ્ટિ પડે ને ક્યારેક, તો મને થાય કે અરેરે ! આ દૃષ્ટિ ક્યાં પડી ? પ્રતિક્રમણ કરવું પડશે, કંટાળો આવે.

**દાદાશ્રી :** પણ કંટાળો આવે ને ! એ તો દૃષ્ટિ પડી જાય છે. આપણે પાડવી નથી છતાં પડી જાય છે. માટે પુરુષાર્થ કરવાનો અને પ્રતિક્રમણેય કરવાની જરૂર છે.

એક વિચાર પણ આવે, એને શી રીતે ભાંગવું, તે આવડવું જોઈએ ને ! એને આખો દહાડો પૂરો છે તે એમાં કાઢવો પડે, બબ્બે કલાક, ત્યારે છેદાય, નહીં તો ના છેદાય. એ બાંધતા કંઈ વિચાર જ નથી કર્યા ને ! આખી રાત (વિષયના જ) વિચાર કર્યા કરે.

આરપાર નીકળી જવાય એવો રસ્તો મેં દેખાડ્યો છે અને એ રસ્તે જો જાય તો આરપાર નીકળી પણ જાય. આવું વિઝન તો કોઈનેય ના હોય. કારણ કે

આ બાજુનું, આ શરીરનું વિચાર્યું જ ના હોય ને ? આ તો બસ 'હું જ છું.' તેથી તો પોતાના દોષ કોઈને નથી દેખાતા. જ્યાં સ્થૂળ દોષ જ નથી દેખાતા ત્યાં ! વિષય સામે જાગૃતિ તો કેવી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જોઈએ !

## જાગૃતિ અને ખેદથી છૂટે વિષય

**પ્રશ્નકર્તા :** તમે અમને એ જડીબુટ્ટી બતાવો કે જેથી કરીને અમે કહી શકીએ કે 'ભઈ, ચોવીશમે વર્ષે આ વિચાર યાદ રાખજે.'

**દાદાશ્રી :** એટલી બધી અવસ્થાઓની તમને જાગૃત્તિ ના આવે. પેલું અમે થ્રી વિઝન આપીએ છીએ ને, તે જો વિચાર કર કર કરે તો થ્રી વિઝન ઉત્પન્ન થઈ જાય. એ વિચારો ઉત્પન્ન થઈ જાય ને એનાથી ઘણા બચે છે. મને કાગળમાં લખે કે 'તમારા થ્રી વિઝને તો મારું ઘણું કામ કાઢી નાખ્યું.' પેલી બધી અવસ્થાઓ ના આવે, આ તો હું તમને કહું એટલું જ છે ! મારા કહેલા ઉપર વિચાર આવે કે હા, આ વાત ખરી છે !

એટલે આમ વિષયનું બધી રીતે પૃથક્કરણ કરીએ ને પછી એવી સ્ટેજ આવે છે કે આ વિઝનથી થોડી થોડી જાગૃતિ ઉત્પન્ન થાય. પછી આમ ઝાંખા વિઝનથી એને વિષય રહે ખરો, પણ પોતાને ના ગમતું હોય. જેમ ભૂખ લાગી હોય ને ખાવું પડે. ભાવતું ના હોય તોય પછી ખાય, એવો કંટાળીને ભોગવટો હોય. જ્યારે પેલો રાજીખુશીથી ભોગવટો હોય, એ તો બહુ મૂર્છાપૂર્વકના ભોગવટા હોય. એ ભોગવટો તો પછી અનેક સ્ટેપ્સ પસાર થાય, ત્યાર પછી છેલ્લો ભોગવટો તો એને બિલકુલ કંટાળો આવે. ભોગવટોય બે પ્રકારનો હોય. એક ઈચ્છાપૂર્વકનો અને એક ઈચ્છા ના હોવા છતાં કર્મના ઉદયથી. ઉદયકર્મ પૂરું ના થયું હોય ત્યારે શું થાય ? ઉદયકર્મ પૂરું થાય ત્યારે જ છૂટે, પણ ત્યાં સુધી એને ભોગવવું તો પડે, તો શું થાય ? અણગમો ઉત્પન્ન થયા કરે.

હવે આ જ્ઞાન આપ્યું છે એટલે તમને સહન કરવાની શક્તિ ઉત્પન્ન થઈ છે, તમને જુદાપણાનો ભાવ રહી શકે છે, તો પછી શેને માટે વિષયો હોવા જોઈએ ? અને છતાંય પરિણામ કોઈ બદલી ના શકે. કારણ કે એ પુદ્ગલ પરિણામ છે. અને એ તો રિઝલ્ટ છે. રિઝલ્ટ બદલી ના શકાય પણ રિઝલ્ટ ઉપર ખેદ, ખેદ ને ખેદ રહ્યો એટલે તમે છૂટા. તમને જો ખેદ છે, તો તમે છૂટા છો અને રિઝલ્ટમાં એકાકાર છો તો બંધન છે.

## જાગૃતિમાં દેખે ગર્ભથી નનામી સુધી

વીતરાગો એટલું જ જોતા હતા કે માણસની પ્રાકૃતિક શક્તિ ઉત્પન્ન થવી, વ્યય થવી અને આજની શક્તિ, એ બધી શક્તિઓને ત્રિકાળ જ્ઞાનથી જોતા હતા. ઉત્પન્ન, વ્યય બધું સંપૂર્ણપણે જાણતા હતા એટલે એમને રાગ ઉત્પન્ન ના થાય પછી. આ રાગ ઉત્પન્ન થવો એ તો એકલા વર્તમાનકાળના જ્ઞાનથી થાય છે. એક તો પોતાના સ્વરૂપનું અજ્ઞાન અને વર્તમાનકાળનું જ્ઞાન, તે પછી એને રાગ ઉત્પન્ન થાય. બાકી જો એને એમ સમજાય કે આ ગર્ભમાં હતી તો આવી દેખાતી હતી, જન્મી ત્યારે આવી દેખાતી હતી, નાની બેબી થઈ ત્યારે આવી દેખાતી હતી, પછી આવી દેખાતી હતી, અત્યારે આવી દેખાય છે, પછી આવી દેખાશે, ઘૈડી થશે ત્યારે આવી દેખાશે, પક્ષાઘાત થશે ત્યારે આવી દેખાશે, નનામી કાઢશે ત્યારે આવી દેખાશે. આવી બધી અવસ્થાઓ જેને લક્ષમાં છે, એને વૈરાગ શીખવવાનો ના હોય ! આ તો જે આજનું દેખાય છે તે દેખીને જ મૂર્છિત થઈ જાય છે. એને વૈરાગ શીખવાનો છે. વીતરાગો બહુ ડાહ્યા હતા. કોઈ પણ વસ્તુ આવી તો એમને મૂર્છા ઉત્પન્ન ના કરાવે, કારણ કે એ વસ્તુને વીતરાગો ત્રણેય કાળથી જોઈ શકતા હતા.

**પ્રશ્નકર્તા :** તે બધી અવસ્થાઓનું જ્ઞાન એકી વખતે જ હોય ?

**દાદાશ્રી :** એકી વખતે જ ! એટલે પેલું મેં કહ્યું ને કે માણસને મોહ કેમ ઉત્પન્ન થાય છે ? ત્યારે

કહે, બેઉ જુવાન હોય છે તેથી અને તે ઘડીએ ભાન નથી રહેતું ત્યાં આગળ કે આ મોહ ટકાઉ છે કે ટેમ્પરરી (થોડા વખત માટે) છે ? પછી આવું અત્યારે જે છે ને એવું જ એની કલ્પના કાયમ માટે ખોળે. હવે પછી ઘડપણમાં શું થાય ? કલ્પના કેવી થાય ?

**પ્રશ્નકર્તા :** તે વખતે એને કંટાળો આવે.

**દાદાશ્રી :** આ લોકોને શું થઈ રહ્યું છે તે હું જાણું છું. એ ગમે નહીં એને પણ કોને કહે હવે ? કારણ કે બુદ્ધિ તો આ સ્વભાવ દેખાડે. એટલે આ જન્મતા પહેલા કેવું હતું ! બાબો કે બેબી જન્મ્યા પછી કેવા હતા ? તે એવડી હતી (જન્મી) ત્યારે કેમ મોહ ઉત્પન્ન થતો નહતો, પછીથી જરા મોટી થઈ તે કેમ મોહ નથી થતો ? એટલે આ બધી અવસ્થાઓને એ ખ્યાલ રાખે છે અને મોહ ઉત્પન્ન થાય છે એ અવસ્થાનેય ખ્યાલ રાખે પછી. તેથી આગળની અવસ્થા, પ્રૌઢ અવસ્થા, પછી એ ઘડપણ અવસ્થા, પછી લકવાની અવસ્થા, બધામાં શું સ્થિતિ થઈ ? ને પછી ઠાઠડી કાઢતી વખતની અવસ્થા, બાળતી વખતે અવસ્થા. આ બાળતી વખતે અવસ્થા જોઈ હોય ને તે ઘડીએ પ્રેમ કરવાનો કહ્યો હોય તો ? એટલે આ તો પૈણ્યા પછી મૂરખ બને છે પણ હવે કહે કોને ? બધાય મૂરખ ત્યાં ! બેનોય સમજે છે કે આવી મૂર્ખાઈ છે આ ! ધણી જોઈને ખોળ્યા અને હવે ધણી લાવીને એ મોંઢા ઉતરી જાયને, ડાચા પડી જાયને, આમથી તેમ થાય, આંખો જતી રહી હોય, કાને સંભળાય નહીં ! અને જેને ખ્યાલ હોય આ બધું તેને વૈરાગ હોય ! અવસ્થાઓ જેના લક્ષમાં રહે છે, તેને વૈરાગ શીખવાડવો ના પડે ! જેટલી લખી છે ને, એટલી અવસ્થા અમને લક્ષમાં રહે, એટ-એ-ટાઈમ. આ વાત બહાર ના હોય. આવી વાત અહીં જ હોય ! લોકો તો ગપોટી જાય આવી વાત. એમ વૈરાગના વિચાર લાવે ત્યારે વળે; નહીં તો દા'ડો વળે નહીં. મૂળ વાતને, મૂળ કૉઝીઝને નાશ ન કરવામાં આવે ત્યાં સુધી વૈરાગ શેનો આવે ?

## જ્ઞાની પુરુષને વિષયો લાગે એંઠવાડો

અમને પુદ્ગલ ઉપર રાગ જ નહીં ને ! આ મારા જ પુદ્ગલ ઉપર અમને રાગ નહીં. પુદ્ગલથી હું તદ્દન છૂટો રહું છું. પોતાના પુદ્ગલ ઉપર જેને રાગ હોય તેને બીજાના પુદ્ગલ ઉપર રાગ થાય. અનંત અવતારથી આનું આ જ ભોગવ્યું તો પણ છૂટતું નથી એ અજાયબી જ છે ને ! કેટલાંય અવતારથી વિષયસુખનો વિરોધી થયેલો હોય, વિષયસુખને આવરણિક દૃષ્ટિ રહિત ખૂબ ખૂબ વિચાર્યું હોય, જબરજસ્ત વૈરાગ ઉત્પન્ન થયેલો હોય તો એ છૂટે. વૈરાગ ક્યારે ઉત્પન્ન થાય ? એને મહીં જેવું છે તેવું દેખાય ત્યારે.

વિષયોનો સ્વભાવ કેવો છે ? આજથી દસ દહાડા વિષય બંધ એવું નક્કી કરીએ તો તે પ્રમાણે ચાલ્યા કરે ને ત્રીજે દહાડેથી જ આનંદ વધે, પણ જો વિષયમાં પડ્યો તો ફસાયો. પછી બહાર ના નીકળાય. વિષયની બાબત નિર્ણયાત્મક હોવી જોઈએ. નિષ્ઠા પોતાની જાતે ના બેસે, એ તો જ્ઞાની પુરુષ બેસાડી શકે.

હવે અનુપમ પદ છોડી ઉપમાવાળું પદ કોણ લે ? જ્ઞાન છે તો પેલો આખા જગતનો એંઠવાડો કોણ અડે ? જગતને પ્રિય એવાં જે વિષયો એ જ્ઞાની પુરુષને એંઠવાડો લાગે. આ જગતનો ન્યાય કેવો છે કે જેને લક્ષ્મી સંબંધી વિચાર ના હોય, વિષય સંબંધી વિચાર ના હોય, જે દેહથી નિરંતર છૂટા જ રહેતા હોય, તેને જગત 'ભગવાન' કહ્યા વગર રહે નહીં !

## વીતરાગોના વિજ્ઞાનથી તૃપ્તિ

(તમને દાદા ભગવાનનું) નિદિધ્યાસન રહે છે ને ? એ નિદિધ્યાસનથી બધું ફળ મળે. નિદિધ્યાસન પછી કોઈ ચીજની ઈચ્છા જ ના થાય, ભીખ જ ના હોય.

જ્ઞાનીઓને આરપાર દૃષ્ટિ હોય. જેવું છે તેવું દેખાય. એવું દેખાય તો પછી વિષય રહે ? એનું નામ જ્ઞાન. જ્ઞાન એટલે આરપાર, જેમ છે તેમ દેખાવું.

તૃપ્ત થયેલો માણસ વિષયના ગંદવાડામાં હાથ

ઘાલે જ નહીં. આ તો મહીં તૃપ્તિ નથી, તેથી આ ગંદવાડામાં ફસાઈ પડ્યા છે. વીતરાગોનું વિજ્ઞાન એ જ તૃપ્તિને લાવનાર છે.

## આ આજ્ઞાથી એકાવતારી બોન્ડ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એક અવતારમાં જ મોક્ષે જવું છે, તો શું કરવું ? એ તો કહોને ! એ જ આજે આપણે નક્કી કરીએ.

**દાદાશ્રી :** એક શાકાહારી માણસ હોય, તેને પોલીસવાળો પકડીને ત્રણ દહાડા ભૂખ્યો રાખે અને પછી માંસ ખાવા આપે કે આ જ તારે ખાવું પડશે ને પછી પેલો ખાય, તો એ બંધનમાં આવતો નથી. એ પોલીસવાળાના દબાણથી છે, એની પોતાની ઈચ્છાપૂર્વકનું નથી. એવી રીતે જ માણસ (હક્કના) વિષય ભોગવશે તો એ એકાવતારી થવાનો છે, એનો બીજો અવતાર નથી થવાનો. એ સ્વાધીન ના હોવું જોઈએ. પોલીસવાળાને આધીન, ભૂખને આધીન થઈને માંસાહાર કરો તો તમે ગુનેગાર બનતા નથી. એવું આ વિષયમાં થાય તો એ એકાવતારી અવશ્ય થાય.

**પ્રશ્નકર્તા :** આ આજ્ઞા તમારી પાળીશું, હવે તમે એકાવતારી પદ લખી આપો.

**દાદાશ્રી :** આટલું જ અમારું પાળે તો અમે એકાવતારી બોન્ડ લખી આપીશું. એકાવતારી થવું હોય તો આ એક જ વસ્તુ સાચવવાની છે.

## કામ કાઢી લો

ભગવાન શું કહે છે કે અનંત અવતાર દેહ માટે ગાળ્યા, હવે એક અવતાર આત્મા માટે ગાળ. આ દેહે જ્ઞાની પુરુષ મળ્યા તો કામ કાઢી લેવા પૂરતી દેહ પર (પ્રીતિ રાખવી). આ દેહ પરની પ્રીતિથી તો ઉદ્વેગ થાય છે. પ્રીતિ કરશો તોય એ તો ભાંગી જ જવાનો છે ને ! ભગવાનેય દેહને 'દગો' કહ્યો છે. છેવટે તો દેહ રાખ જ થઈ જવાનો છે ને ! આ દેહ જ રાગ અને દ્વેષ કરાવડાવે છે.

માટે જ્યાં જ્યાં જે જે દુકાને આપણું મન ગૂંચાય એ દુકાનની મહીં જે શુદ્ધાત્મા છે તે જ આપણને છોડાવનાર છે. એટલે એમની પાસે માગણી કરવી કે મને આ અબ્રહ્મચર્ય વિષયથી મુક્ત કરો. બીજે બધેથી એમને એમ છૂટવા માટે તમે ફાંફા મારો એ ચાલે નહીં. એ જ દુકાનના શુદ્ધાત્મા આપણને આ વિષયથી છોડાવનાર છે.

હવે આપણને આવી બહુ દુકાનો ના હોય, થોડી જ દુકાનો હોય છે. જેને બહુ દુકાનો હોય તેને વધારે પુરુષાર્થ માંડવો પડે. બાકી જેને થોડી હોય તેણે તો ચોખ્ખું કરી 'એક્ઝેક્ટલી' (યથાર્થ) કરી લેવું. ખાવા-પીવામાં કશો વાંધો નથી, પણ આ વિષયનો વાંધો છે. સ્ત્રીવિષય અને પુરુષવિષય એ બે વેરને ઊભું કરનારાં કારખાનાં છે. માટે જેમ તેમ કરીને ઉકેલ લાવવો.

**પ્રશ્નકર્તા :** આને જ તમે કામ કાઢી લેવાનું કહો છો ?

**દાદાશ્રી :** ત્યારે બીજું શું તે ? આ બધા જે રોગો છે તે કાઢી નાખવા.

આમાનું હું તમને કશું જ કરવાનું કહેતો નથી, ખાલી જાણવાનું જ કહું છું. આ 'જ્ઞાન' જાણવા યોગ્ય છે, કરવા યોગ્ય નથી. જે જ્ઞાન જાણ્યું તે પરિણામમાં આવ્યા વગર રહે જ નહીં. એટલે તમારે કશું કરવાનું નથી. ભગવાન મહાવીરે કહ્યું હતું કે વીતરાગ ધર્મમાં કરોમિ, કરોસિ ને કરોતિ ના હોય.

**- જય સચ્ચિદાનંદ**

---

**દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના**

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345 #. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

# કલ્પે તેવું પુદ્ગલ ધારણ કરે તેવી પુદ્ગલની શક્તિ

એક (વિભાવિક) આત્મા જ એકલો એવો છે કે પોતે જેવી કલ્પના કરે તેવો થઈ જાય. 'હું અજ્ઞાની છું' કહે તો એવો થઈ જાય. 'હું ક્રોધી છું' કહે તો એવો થઈ જાય. જેવું કલ્પના કરે એવો થઈ જાય તે. આ તાવ ના ચઢ્યો હોયને કહે કે 'મને તાવ ચઢ્યો' કે ચઢી જાય. એટલે આપણે શું બોલવાનું ? તાવ ચઢ્યો હોયને, ત્યારે કહે કે ભઈ, આ ચંદુભાઈને તાવ ચઢ્યો છે, એવું કહેવું. મને તાવ ચઢ્યો કહ્યું કે પાછું એ પેઠું. મને થયું તો બોલાય જ નહીં, એની અસર થાય.

આ તો સાયકોલોજિકલ ઈફેક્ટ છે. તે હવે 'મને નહીં મટે' કહ્યું તો એવું જ થાય. આ તો ભયને લીધે મરી જાય છે માણસ. કારણ કે આત્મા કલ્પસ્વરૂપ છે. જેવો કલ્પે એવો થઈ જાય. મને મટશે જ, કશું થાય નહીં. મારા માથે દાદા છે, તો કશું જ ના થાય.

તમે કહો કે 'હું હવે વૃદ્ધ જેવો દેખાઉ છું', તો તેવા દેખાવાની શરૂઆત થાય. તમે કહો કે 'ના, હવે હું જુવાન જેવો દેખાઉ છું', તો તેવા દેખાવાની શરૂઆત થાય.

માટે વ્યવહારની અસર આપણા ઉપર પડે નહીં, એટલા માટે કહેવું કે 'ચંદુલાલને તાવ આવ્યો છે, ચંદુલાલને ગુસ્સો થઈ ગયો છે.' છે જ ચંદુલાલનું. પહેલા માનતા હતા કે હું કરતો'તો, ને ત્યારે એવું જ થતું'તું.

આત્માએ જે જે કલ્પેલું, જાણ્યે કે અજાણ્યે ભૂલાય નહીં. તે આવીને ઊભું જ રહે એવી આત્માની કલ્પશક્તિ છે. દુનિયામાં કાણું પાડું એવું કલ્પેલું નહીં, નહીં તો કાણું પાડે એવીય શક્તિ ખીલે તેમ છે. આ ચંદ્ર ઉપર જવા કલ્પેલું તે શક્તિ ખીલી ને ચંદ્ર ઉપર પહોંચ્યા. આ આત્માની શક્તિઓ દેખાડે છે, કેટલી શક્તિ છે ! એક કલ્પશક્તિ શું ના કરે ?

**પ્રશ્નકર્તા :** અને એ કલ્પશક્તિ કાર્યકારી અહીંયા લોકાકાશમાં જ છે ?

**દાદાશ્રી :** લોકાકાશમાં છે. અલોકાકાશમાં કોઈ જીવ ના હોય. એને કલ્પના થાય જ નહીં ને કશું વળગણ વળગેય નહીં.

આ લોકમાં છ તત્ત્વો રહેલા છે. એટલે પરમાણુથી ભરેલું આખું જગત છે. તે પરમાણુ ભરેલાને લઈને આ આત્માને છે તે આ બધાને ઓળંગતા બહુ મુશ્કેલી પડે છે. તેથી આ બધું ઊભું થાય છે. એ પરમાણુ છે તો આ બધું દ્રવ્ય ઊભું થાય, નહીં તો દ્રવ્ય જ ઊભું ના થાય. અને ત્યાં અલોકમાં પરમાણુ જ નથી. એટલે એ વિકલ્પ થાય જ નહીંને !

**પ્રશ્નકર્તા :** પણ કલ્પ મૂળ શક્તિ છે, કલ્પ મૂળ સ્વભાવ (છે) એનો, એ કલ્પ સ્વભાવ ત્યાંય ખરોને ?

**દાદાશ્રી :** ત્યાં તો કોઈ જીવ હોય નહીંને ! વખતે કંઈક હોય તોય જ્યાં પુદ્ગલ નથીને ત્યાં કશુંય ઈફેક્ટ નથી. આ બીજા પાંચ તત્ત્વો નડતા નથી. પુદ્ગલ એકલાને લઈને જ, જેવું કલ્પે એવું પુદ્ગલ થઈ જાય છે. ત્યાં વિકલ્પ થાય જ નહીં. વિકલ્પ ક્યાં થાય ? પુદ્ગલ એ ધારણ કરે. પોતે કલ્પે એવું ત્યાં ધારણ કરે, એવી પુદ્ગલની શક્તિ છે, એવો પુદ્ગલનો સ્વભાવ છે. પોતે કલ્પે એવું એ થઈ જાય એટલે પછી પોતાના મનમાં એમ થાય કે આ હું કે આ હું ? પછી આખું ભ્રાંતિ.

*(આપ્તવાણી શ્રેણી-૧૪ ભાગ-૫માંથી સંકલિત)*

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૪-૯ નવેમ્બર :** દુબઈમાં સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૨૬૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. જેમાં કેટલાક મુમુક્ષુઓ ઓમાન દેશના મસ્કત તથા સલાલા નામના શહેરોમાંથી ખાસ જ્ઞાન લેવા આવ્યા હતા. તેઓ દાદા ભગવાનની વેબસાઈટ પર આત્મજ્ઞાન વિશે જાણી, એનાથી આકર્ષાઈને જ્ઞાન લેવા આવ્યા હતા અને પૂજ્યશ્રીને મસ્કતમાં સત્સંગ માટે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું. પૂજ્યશ્રી સાથે સ્થાનિક મહાત્માઓની રિટ્રીટ ફુજૈરા બીચ રિસોર્ટમાં રાખવામાં આવી હતી, જે દુબઈથી બે કલાકના અંતરે હતી. જ્યાં પૂજ્યશ્રી મોમ્બાસાની જેમ દરિયાના પાણીમાં પણ મહાત્માઓ સાથે ઉતર્યા હતા અને આનંદ કરાવ્યો હતો. પૂજ્યશ્રી સાથેના સત્સંગમાં મહાત્માઓએ જ્ઞાનની સુંદર ચાવીઓ પ્રાપ્ત કરી હતી. ગરબા અને પૂજ્યશ્રી પાસેથી વ્યક્તિગત માર્ગદર્શન મળી રહે તે હેતુસર 'દાદા દરબાર'ની ગોઠવણી કરવામાં આવી હતી. GNCના બાળકો દ્વારા નૃત્ય તથા નાટકની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. મહાત્મા ભાઈઓએ પણ મનોરંજક નાટક રજૂ કર્યું હતું. આ વર્ષે જ્યારે પૂજ્યશ્રી અમેરિકા જતા એક દિવસ માટે દુબઈ ઉતર્યા હતા, ત્યારે તેઓએ દુબઈમાં GNC સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આટલા ઓછા સમયગાળામાં દુબઈ GNC સેન્ટરની પ્રગતિ નોંધપાત્ર તથા પ્રશંસનીય રહી છે. આ જ બાળકો પોતાના માતા-પિતાને સત્સંગમાં લઈ આવે છે અને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

**૧૦ નવેમ્બર :** આફ્રિકા-દુબઈ પ્રવાસ બાદ વહેલી સવારે પૂજ્યશ્રીનું સીમંધર સીટીમાં આગમન થયું હતું.

**૧૧-૧૨ નવેમ્બર :** દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજ્યશ્રીએ દિવાળીના દિવસે સવારે ચોપડા પૂજન માટે વિશેષ વિધિ સંસ્થાકીય પ્રવૃત્તિઓ તથા સર્વે મહાત્માઓ માટે કરી હતી. રાત્રે ત્રિમંદિરમાં યોજાયેલ વિશેષ ભક્તિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહાત્માઓએ હાજરી આપી હતી અને ભક્તિરસમાં રંગાયા હતા. પૂજ્યશ્રીએ ભક્તિપદો ગાયા હતા.

નૂતન વર્ષની પ્રભાતે ત્રિમંદિરમાં યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન પૂજ્યશ્રીએ સર્વે ભગવંતોના પૂજન-દર્શન પછી પરમ પૂજ્ય દાદા ભગવાન તથા પૂજ્ય નીરુમાને અન્નકૂટનો પ્રસાદ ધરાવ્યો હતો. 'જ્ઞાનદાન આપવા આવો, દાદાજી જમવા પધારો...' રસગાન સાથે એક પછી એક વાનગીઓ પ્રસાદ રૂપે અર્પણ કરી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૧૬ના કેલેન્ડર તથા ગરબા ભાગ-૩ ઓડિયો સીડીનું ઉદ્‌ઘાટન પૂજ્યશ્રીએ કર્યું હતું. ત્યાર બાદ જાયજેન્ટિક હોલમાં મહાત્માઓ માટે પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભમાં પૂજ્યશ્રીએ નવા વર્ષનો સંદેશો આપતા કહ્યું હતું કે 'હજુ પણ આપણી કઈ કઈ બાબતોમાં ડખલ થઈ જાય છે' એ બાબતે જાગૃતિ ગોઠવાય અને એ તરફનો પુરુષાર્થ હોવો ઘટે. દર્શન દરમ્યાન મહાત્માઓએ પ્રાર્થના-વિધિઓ, કીર્તન ભક્તિ અને પદગુંજન કર્યા હતા.

**૨૪-૨૯ નવેમ્બર :** પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૦૮મો જન્મજયંતી મહોત્સવ પૂના શહેરમાં ઉજવાયો હતો. કાર્યક્રમના પ્રથમ બે દિવસ દરમ્યાન થયેલ કમોસમી વરસાદને કારણે આખા મેદાનમાં પાણી ભરાઈ ગયા હતા અને કીચડ થઈ ગયો હતો. વરસાદી વાતાવરણને લીધે એવું જ લાગતું હતું કે આ કાર્યક્રમ હવે આગળ નહીં થઈ શકે પણ ત્યાં હાજર સેવાર્થી મહાત્માઓ તથા ગામેગામ રહેલા મહાત્માઓએ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' કર્યા હતા અને દાદા-નીરુમા તથા દેવ-દેવીઓને પ્રાર્થના કરી કે આ બધા વિઘ્નો દૂર થાય અને લોકોને જ્ઞાન પામવાના અંતરાય ના આવે. પરિણામે ચમત્કારિક રીતે વાતાવરણ પલટાયું હતું અને વરસાદ બંધ થઈ ગયો હતો. ફળસ્વરૂપે જન્મજયંતી, સત્સંગ-જ્ઞાનવિધિ તથા ચિલ્ડ્રન પાર્ક-થીમપાર્કના બધા જ કાર્યક્રમો રાબેતા મુજબ થઈ શક્યા, જેનો બહારગામના તેમજ સ્થાનિક હજારો લોકોએ લાભ લીધો. ૨૫મી તારીખે જન્મજયંતી દિવસે વિશેષ સંદેશ પછી જગત કલ્યાણની ભાવનાની સામાયિક પૂજ્યશ્રીએ કરાવી હતી. સ્વામી અને દાદાના પૂજન-આરતી બાદ દર્શન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ મહોત્સવ સ્થળે પાણી ભરાઈ જવાથી પૂનામાં જ અન્ય સ્થળે એક હોલમાં રાખવામાં આવ્યો હતો. ત્યાર બાદ વાતાવરણની પરિસ્થિતિ સામાન્ય થતા સત્સંગ-જ્ઞાનવિધિના કાર્યક્રમો મહોત્સવ સ્થળે મેદાનમાં જ થયા હતા. આ બધું જ સેવાર્થી મહાત્માઓની અથાગ મહેનત, પોઝિટિવનેસ તથા દાદા-નીરુમાના આશીર્વાદથી જ શક્ય બન્યું હતું. જ્ઞાનવિધિમાં ૨૬૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. બે મરાઠી, પાંચ તેલુગુ તેમજ બાલવિજ્ઞાન પુસ્તકોનું વિમોચન પૂજ્યશ્રીએ કર્યું હતું.

**૨-૫ ડિસેમ્બર :** હૈદરાબાદ ખાતે યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૪૨૫ લોકોએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. પૂજ્યશ્રીએ હૈદરાબાદમાં પૂજ્ય નીરુમાના ૭૨મા જન્મ દિવસની ઉજવણી સ્થાનિક મહાત્માઓ સાથે કેક કાપી કરી હતી. તેમણે પૂજ્ય નીરુમાના અંતિમ સંદેશને યાદ કરીને સહુ પ્રેમ સ્વરૂપ થવા માટે કહ્યું હતું. સ્થાનિક મહાત્માઓને લાભ મળે તે હેતુ પૂજ્યશ્રી સાથે સેવાર્થી સત્સંગ-દર્શન તેમજ મોર્નિંગ વોકનું આયોજન થયું હતું.

## અડાલજ ત્રિમંદિર

**૧૯ માર્ચ** (શનિ), સવારે ૧૦ થી ૧૨ - **પૂ. નીરુમાની નવમી પુણ્યતિથિ પર સ્પે. સીડી** તથા **કીર્તન ભક્તિ**
સાંજે ૪-૩૦ થી ૧૦ - **આપ્તસિંચનના નવા સાધકોની સમર્પણ વિધિ** તથા **વિશેષ ભક્તિ**

**૨૦ માર્ચ** (રવિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

---

આપ્તવાણી શ્રેણી-૧૪ ભાગ-૫નું 'દાદાવાણી'ના આજીવન-૧૫ વર્ષના સભ્યોને વિના મૂલ્યે વિતરણ

હાલમાં ડિસેમ્બર ૨૦૧૫ પારાયણ વખતે વિમોચન થયેલ આપ્તવાણી શ્રેણી-૧૪ ભાગ-૫નું **તા. ૩૦ જાન્યુઆરી થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૬** દરમ્યાન જ્યાં જ્યાં સત્સંગ સેન્ટર ચાલે છે, ત્યાંથી વિતરણ થશે. આ લાભ 'દાદાવાણી' મેગેઝિનના આજીવન તથા ૧૫ વર્ષના સભ્યોને વિના મૂલ્યે મળશે. આ માટે સભ્યોએ પોતાનો દાદાવાણી ગ્રાહક નં. જણાવવાનો રહેશે, જે દાદાવાણી મેગેઝિનના કવર પર લખેલ હોય છે. ઉપરોક્ત સમયગાળા પછી આ લાભ મળી શકશે નહીં. માટે દાદાવાણીના એવાં સભ્યોએ ઉપરોક્ત જણાવેલ તારીખો દરમ્યાન આ ગ્રંથ મેળવી લેવાનો રહેશે.

---

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર) પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૮૯૭)**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪**
- **'ડીડી - ઈન્ડિયા' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ તથા સાંજે ૬-૩૦ થી ૭ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન' - બિહાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને રવિવારે સાંજે ૫-૩૦ થી ૬ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન' - બિહાર પર સોમ-બુધ-ગુરુ સાંજે ૪ થી ૪-૩૦ અને મંગળ સાંજે ૪-૩૦ થી ૫ (હિન્દીમાં)**
- **'આસ્થા' પર સોમથી શનિ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (મરાઠીમાં)**

**USA**
- 'TV Asia' - **દરરોજ સવારે ૭-૩૦ થી ૮** EST

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' નેશનલ પર સોમથી શુક્ર, સવારે ૮-૩૦ થી ૯, શનિ સવારે ૯-૩૦ થી ૧૦, રવિ સવારે ૬-૩૦ થી ૭**
- **'દૂરદર્શન' - ઉત્તરપ્રદેશ પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન' - મધ્યપ્રદેશ પર સોમથી શુક્ર બપોરે ૩-૩૦ થી ૪ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૮૯૭)**
- **'દૂરદર્શન'-ગિરનાર પર મંગળ થી રવિ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૮૯૭) - સમયમાં ફેરફાર**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯**
- **'સાધના' ટીવી પર દરરોજ સાંજે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)**

**USA**
- 'TV Asia' - **દરરોજ સવારે ૧૧ થી ૧૧-૩૦** EST
- **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦** EST **(હિન્દીમાં)**

**UK**
- **'વીનસ' ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)**

**Singapore**
- **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૪-૩૦ થી ૫ તથા સવારે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)**

**Australia**
- **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ તથા સવારે ૧૦ થી ૧૦-૩૦ (હિન્દીમાં)**

**New Zealand**
- **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૯-૩૦ થી ૧૦ તથા રાત્રે ૧૨ થી ૧૨-૩૦ (હિન્દીમાં)**

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)**

---

ત્રિમંદિરોના સંપર્ક : અડાલજઃ (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; રાજકોટ : ૯૯૨૪૩૪૩૪૭૮; ભુજ ૯૯૨૪૩૪૫૫૮૮;
ગોધરાઃ ૯૭૨૩૭૦૭૭૩૮; મોરબીઃ (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; સુરેન્દ્રનગરઃ ૯૭૩૭૦૪૮૩૨૨, અમરેલીઃ ૯૯૨૪૩૪૪૪૬૦
અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદઃ (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; મુંબઈઃ ૯૩૨૩૫૨૮૯૦૧; વડોદરા (દાદા મંદિર) : ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### રાજકોટ

**૩૦ જાન્યુ.ને ૧ ફેબ્રુ.** (શનિ ને સોમ), સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૩૧ જાન્યુ.** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** આલાપ ગ્રીન સીટીની સામે, રૈયા રોડ, રાજકોટ. **સંપર્ક** : ૯૮૭૯૧૩૭૯૭૧

### પોરબંદર

**૩ ફેબ્રુઆરી** (બુધ), સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૪ ફેબ્રુઆરી** (ગુરુ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**
**૫ ફેબ્રુઆરી** (શુક્ર), સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** ખીજડી પ્લોટ, સ્વામીનારાયણ મંદિરની સામે, M.G. રોડ, પોરબંદર (ગુજરાત). **સંપર્ક** : ૯૪૨૬૯૫૪૬૮૩

### જુનાગઢ

**૬ ફેબ્રુઆરી** (શનિ), સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૭ ફેબ્રુઆરી** (રવિ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**૮ ફેબ્રુઆરી** (સોમ), સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** શિવમ પાર્ટી પ્લોટ, ગિરિરાજ મેઈન રોડ, બસ સ્ટેશન પાછળ, જુનાગઢ (ગુજરાત). **સંપર્ક** : ૯૯૨૪૩૪૪૪૮૯

### ભાવનગર

**૯-૧૦ ફેબ્રુઆરી** (મંગળ-બુધ), સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૧૧ ફેબ્રુ.** (ગુરુ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**
**૧૨ ફેબ્રુઆરી** (શુક્ર), સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળની જાણકારી માટે સંપર્ક** : ૯૯૨૪૩૪૪૪૨૫

### પાલીતાણા-જાત્રા-શિબિર

**૧૨ ફેબ્રુઆરી** (શુક્ર), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ**, **૧૩ ફેબ્રુઆરી** (શનિ), સવારે ૭-૩૦ વાગ્યાથી - **પહાડ યાત્રા**
**૧૪ ફેબ્રુઆરી** (રવિ), સવારે ૯-૩૦ થી ૧૨ - **આપ્તપુત્ર સત્સંગ** તથા બપોરે ૨-૩૦ થી ૬ - **જ્ઞાનવિધિ**
**૧૫ ફેબ્રુઆરી** (સોમ), સવારે ૯-૩૦ થી ૧૨ - **સત્સંગ**
**સ્થળ :** ચેન્નઈ ધર્મશાળાની સામે, તળેટી, પાલીતાણા, (ગુજરાત). **સંપર્ક** : ૯૪૨૯૬૩૮૫૪૨

### મુંબઈ

**૨૬-૨૭ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ), સાંજે ૬ થી ૯ - **સત્સંગ** તથા **૨૮ ફેબ્રુઆરી** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** રેલ્વે પોલીસ કવાયત ગ્રાઉન્ડ, કુકરેજા ટાવર પાછળ, વલ્લભબાગ એક્સ. લેન, **ઘાટકોપર (ઈસ્ટ)**.
**૨૯ ફેબ્રુઆરી** (સોમ), સાંજે ૬ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** ભૂરીબેન ગોલવાલા ઓડિટોરીયમ, કામા લેન, **ઘાટકોપર (વેસ્ટ)**. **સંપર્ક** : ૯૩૨૩૫૨૮૯૦૧

## અંજાર ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...**

**તા. ૬ માર્ચ ૨૦૧૬ (રવિવાર)**

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૯-૩૦ થી ૧, **પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪ થી ૭, **ભક્તિ :** રાત્રે ૮-૩૦ થી ૧૦

**સ્થળ : અંજાર ત્રિમંદિર**, અંજાર-મુંદ્રા રોડ, સીનોગ્રા પાટીયા પાસે, સીનોગ્રા ગામ, તા-અંજાર. **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૧૨૬

**વિશેષ સૂચના :** (૧) પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ માત્ર એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે. (૨) કાર્યક્રમમાં ભાગ લેવા અગાઉથી પોતાના સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. (૩) ત્રિમંદિર અંજાર રેલ્વે સ્ટેશનથી ૭ કિ.મી.ના અંતરે આવેલ છે.

**૪ માર્ચ** (શુક્ર), સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૫ માર્ચ** (શનિ), સાંજે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ - સ્થાનિક મુમુક્ષુઓ માટે.**

જાન્યુઆરી ૨૦૧૬
વર્ષ-૨૧, અંક-૫
સળંગ અંક-૨૪૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## થ્રી વિઝન દેખાડે વાસ્તવિકતા, પરિણામે છૂટે વિષય

આ કાળમાં એટલો બધો વૈરાગ રહે નહીં માણસને ! એટલે આ થ્રી વિઝન બહુ ઊંચી વસ્તુ છે, એનાથી પછી વૈરાગ રહે. અમે નાની ઉંમરમાં જાગૃતિથી આવો યોગ કરેલો. શોધખોળ કરી કે આ જ મોટામાં મોટો રોગ છે. પછી તો અમને એમને એમ બધું સહેજે દેખાય. બે-ચાર વાર ગટરનું ઢાંકણું ઉઘાડવાનું હોય, પછી ખબર ના પડે કે મહીં શું છે તે ? પછી એવી ગટર આવે તો ખબર ના પડે ? વખતે બે-ચાર વાર ભૂલ થઈ જાય, પણ પછી તો આપણને ખબર રહેને ? આ તો લૂગડાં ઢાંકીને ફરે એટલે રૂપાળું દેખાય, બાકી મહીં એવું જ છે. આ તો માંસને રેશમી ચાદરથી બાંધ્યું છે એટલે મોહ થાય છે. આ થ્રી વિઝનથી અભ્યાસ કરતો કરતો આગળ જાય એટલે 'જેમ છે તેમ' એને દેખાય, પછી વિષય છૂટી જાય.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.